

# અધ્યાત્મ

વર્ષ : ૩   અંક : ૮   મે : ૧૯૮૨

## અધ્યાત્મ ભેટ


અધ્યાત્મને એપ્રિલ '૮૨ દરમ્યાન નીચે પ્રમાણે ભેટ મળેલ છે.

૫૧-૦૦ શ્રી ગમનબેન માનસિંહ ભરતસિંહ તરફથી
૨૫-૦૦ શ્રી બી. બી. સુરતિયા
૨૫-૦૦ શ્રી વિજયભાઇ કલોલાના લગ્ન પ્રસંગે
૧૫-૨૫ શ્રી હરિશભાઈ ઠાકોરલાલ શાહ ( વડોદરા ) અવસાન નિમિત્તે
૫૧-૦૦ શ્રી પુરુષોત્તમદાસ જોષી (વડોદરા) તરફથી

## નવા નોંધાયેલ આજીવન સભ્યો

અધ્યાત્મના આજીવન સભ્યોમાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે. તેમાં વાચકોનો આ માસિક પ્રત્યેનો સદ્ભાવ જ કારણભૂત છે. છેલ્લે નોંધાયેલ નવા આજીવન સભ્યો નીચે પ્રમાણે છે.

૨૩૨ શ્રી હરગોવિંદભાઈ ધનેશ્વર જોષી મુંબઇ ૨૫૧/-
૨૩૩ ,, યાત્રી જે. રાજાણી મુંબઈ ૨૫૧/-
૨૩૪ ,, ગાંગજી આંબાભાઈ પટેલ મુંબઇ ૨૫૧/-
૨૩૫ ,, એચ. બી. પંડ્યા અમદાવાદ ૨૫૧/-
૨૩૬ ,, સાવિત્રીબેન વ્યાસ અમદાવાદ ૨૫૧/-
૨૩૭ ,, ચંદુલાલ નાગજીભાઇ પટેલ વડોદરા ૨૫૧/-
૨૩૮ ,, રાજેશભાઈ કાપડીઆ ભાવનગર ૨૫૧/-
(રૂા. ૫૦-૫૦ ના હપ્તા ભરીને તેઓ આજીવન સભ્ય બન્યા છે. તેમની સદ્ભાવના બદલ અભિનંદન)
૨૩૯ દિપક મોહનલાલ શાહ અમદાવાદ ૨૫૧/-
૨૪૦ શ્રી મનસુખલાલ વિઠ્ઠલદાસ ગાંધી સુરત ૨૫૧/-



પૂ. યોગેશ્વરજી

## એક માગું છું

એક માગું છું બસ એક માગું છું.
કૃપાનું કિરણ બસ એક માગું છું.

આસપાસ અંધાર વ્યાપી છે ગયો,
સૂર્યનો પ્રકાશ પુરો અસ્ત છે થયો,
જાણું ના કે છાયા મહીં કયાં હું ભાગું છું...કૃપાનું

બીન બધા બંધ બન્યાં વાગતાં નથી,
તાર ના સંધાય હવે થાકયો છું મથી,
શ્રદ્ધા ભરી, આશ લઈ હું જ વાગું છું...કૃપાનું

તમારો ભંડાર કદી ખૂટતો નહીં,
માગી રહ્યો કોડી માત્ર આજ હું અહીં
વારંવાર પ્રાર્થું તો ના ઠીક લાગું છું...કૃપાનું

વરસો એકાદ બિંદુ તોય ચાલશે,
પ્રાણ મારો ધન્યતામાં નિત્ય મહાલશે,
તમારા જ પ્રેમ જગે રોજ જાગું છું...કૃપાનું

—યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૩ અંક : ૮ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
સાંઇકૃપા, જવાહર ચોક, ગોપાલકુંજના નાકે
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## ❋ અનુક્રમણિકા ❋


| | | |
|---|---|---|
| સંસાર અને અશ્વત્થ | ૩ | શ્રી યોગેશ્વરજી |
| સરોડાનો અનોખો સમારંભ | ૬ | તંત્રી |
| પ્રારબ્ધ | ૧૨ | ઈશ્વરભાઈ એમ. શાહ |
| ''રમણ કેન્દ્ર અમદાવાદ''નો સાંસ્કૃતિક કાર્યક્રમ | ૧૫ | ગૌતમ ભટ્ટ |
| ગીતાનો પ્રધાન સંદેશ જીવનનું સારથિપદ પ્રભુને સોંપો | ૧૭ | નાનુરામભાઈ દુધરેજિયા |
| **रसौ वै सः** | ૨૧ | ડૉ. અશ્વિનભાઈ ડી. પટેલ |
| સાધુની પરખ | ૨૫ | ભૂપતરાય મો. ઠાકર |
| 'સ્વધર્મ અને પરધર્મ' | ૨૮ | મણિભાઈ દવે |
| સંતાકૂકડી | ૩૫ | મહેન્દ્રકુમાર મો. દેસાઈ |
| સતી ઊર્મિલા | ૪૧ | પ્રા. પન્નાલાલ કાજી |
| સંતના શબ્દો ફોજ | ૪૩ | નારાયણ હ. જાની |
| નંદદુલારા | ૫૦ | સર્વેશ્વરી |
| 'પ્રકાશના પંથે' | ૫૧ | દીપક પ્ર. મહેતા |
| શ્રેયયાત્રા–૨૧ | ૫૭ | ભાઈલાલભાઈ છાટબાર |
| રામકથા | ૬૧ | શ્રી યોગેશ્વરજી |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

વર્ષ : ૩ મે–૧૯૮૨ અંક : ૮


## સંસાર અને અશ્વત્થ

યોગેશ્વરજી

શ્રીમદ્ ભગવદ્ગીતાના પંદરમા અધ્યાયની શરુઆતમાંજ એક સુંદર સરખામણી આવે છે. સંસારને વૃક્ષની ઉપમા આપવામાં આવી છે. તે વૃક્ષ પણ કાંઈ જેવું તેવું વૃક્ષ નથી. વૃક્ષોમાં બાવળ, વડ, લીમડો, આંબો, એવા ઘણાં વૃક્ષો છે. તેમાંના કોઈની સાથે સંસારરૂપી વૃક્ષની સરખામણી કરવાને બદલે ભગવાન શ્રીકૃષ્ણે તેની સરખામણી અશ્વત્થ એટલે પીપળાની સાથે કરી છે. સંસારને બીજું કોઈ નામ આપવાને બદલે પીપળાનું નામ આપ્યું છે. પંદરમા અધ્યાયના પહેલા શ્લોકમાંજ કહેવામા આવ્યું છે–**ऊर्ध्वमूलमधः शाखमश्वत्थं प्राहुरव्ययम्** । સંસારને વૃક્ષરૂપ કહેવામાં આવે ત્યારે તેને ગમે તે એક વૃક્ષનું નામ તો આપવું જોઈએને? એટલે પીપળાનું નામ આકસ્મિકરીતે પણ અપાયું હોય. છતાં તેમાંથી સાર કાઢવાની ઈચ્છા હોય તો કાઢી શકાય છે. એવા સારભાગતરફ બહુ ઓછા માણસો ધ્યાન આપે છે. મોટા ભાગના માણસો તો શબ્દોના વાચનમાંથીજ પસાર થાય છે, અથવા કહો કે પોપટપારાયણ કરી જાય છે.

દસમા અધ્યાયમાં પોતાની ભિન્નભિન્ન વિભૂતિનું વર્ણન કરતી વખતે પણ **अश्वत्थः सर्ववृक्षाणाम्** કહીને ભગવાને પીપળાને યાદ

કર્યો છે. બધા વૃક્ષોમાં હું પીપળો છું.

સંસારની સરખામણી પીપળાની સાથે કરવામાં આવી છે તે શું એમનેમજ? તેની પાછળ કોઈ સંદેશ નથી સમાયેલો? જરાક શાંતિથી વિચાર કરવાથી તેનો જવાબ જડી જશે. પીપળો જેમ પવિત્ર છે તેમ આ સંસાર પણ પવિત્ર છે એવો ધ્વનિ આ સરખામણીમાં રહેલો છે. બીજું, પીપળો પ્રભુનો પ્રતિનિધિ છે તેમ સંસાર પણ પ્રભુનો પ્રતિનિધિ છે, પ્રભુની પરમવિરાટ વિભૂતિરુપ છે એ ભાવ પણ એમાંસમાયેલો છે. એનો અર્થ એ થયો કે સંસારમાં સર્વત્ર પ્રભુના મહિમાનું દર્શન કરવાની જરૂર છે. સંસારના પ્રત્યેક પદાર્થમાં પ્રભુની ઝાંખી કરતાં શીખવાનું છે. સંસાર પ્રભુનુંજ સ્વરૂપ છે માટે તેની ઘૃણા કરવાની ને તેને નકામો કે અર્થહીન કહીને ઉડાવી દેવાની જરૂર નથી. તે અમૃતમય ઇશ્વરની ઉપજ હોવાથી તેને વિષમય કહીને તેનાથી દૂર ને દૂર ભાગવાની વૃત્તિ કેળવવાની જરૂર નથી. પરમાત્માની વિભૂતિ હોવાથી પરમાત્માની જેમ તેમાં પણ પ્રેમ ને સુંદરતા રહેલી છે. જ્ઞાનના પ્રકાશ, આનંદ ને પરમસુખથી તે સંપન્ન છે. મધુરતા ને રસથી આવરેલો છે. પરમસત્યરૂપી પરમાત્મામાં તે ઓતપ્રોત છે. માટે તેની ઉપેક્ષા કરવાની જરૂર નથી. તેને પરમાત્માનું સાકાર સ્વરૂપ સમજી, પરમાત્માના મહિમાનું પ્રતીક માની, પરમાત્માની ઝાંખી કરવાનું સાધન સમજી, પ્રેમ ને આદરથી જોતાં શીખવાનું છે. તેની પવિત્રતા કાયમ રાખવા પ્રયાસ કરવાનો છે. એટલે કે તેમાં રહીને જીવનને નિર્મળ કરવાનું છે. ચારિત્ર્યને ચોકખું રાખવાનું છે. કોઈ એવું કામ નથી કરવાનું જેની અસરથી તેની પવિત્રતા ને પ્રભુતાને એક ક્ષણમાટે પણ ડાઘ લાગે. ઈશ્વરના ને કુદરતના નિયમથી વિરૂદ્ધ, કર્મોનો ત્યાગ કરવાનો છે. ને બૂરા વિચાર તેમજ બૂરી વૃત્તિથી દૂર રહેવાનું છે. તાજા, કુમળા ને સુવાસથી ભરેલા સુમનની જેમ માનવીએ આ વિશ્વની વિશાળ વાડીમાં પોતાના જીવનને ખીલવી દેવાનું છે. સંસારને સૂગની દૃષ્ટિથી જોનાર માણસોએ ગીતામાતાનો એ સંદેશ ખાસ સમજવાજેવો છે.



સાધારણ રીતે એમ મનાય છે કે સંસાર નાશવંત છે. સંસારના બધા જ પદાર્થો નાશ પામનાર છે. સંસારના સ્વામી પરમાત્મા અમર છે. એમનો કદી નાશ નથી. બાકી સંસારના બધા જ પદાર્થો આજે છે ને કાલે નથી–એવા છે. સંસારની એ વિનાશશીલતા અથવા પરિવર્તશીલતાનો સમાવેશ અશ્વત્થ શબ્દમાં સારીપેઠે થઈ જાય છે. અ+શ્વ+ત્થ. અ એટલે નહિ, શ્વસ્ એટલે આવતી કાલે, ને ત્થ સ્થા તિષ્ઠ એટલે રહેવું. જે આજે છે તે રૂપમાં આવતીકાલે ભવિષ્યમાં કે કાયમને માટે નથી રહેતો તે અશ્વત્થ. પરિવર્તનશીલતાનો એ સંદેશ કેવળ અશ્વત્થ શબ્દદ્વારાજ મળી શકે છે, બીજા કોઈ એવા વૃક્ષવાચક શબ્દદ્વારા નથી મળતો. માટે જ સંસારરુપી વૃક્ષને સરખાવવા માટે બીજા કોઇ વૃક્ષનું નામ લેવાને બદલે અશ્વત્થ અથવા પીપળાનું નામ લેવામાં આવ્યું છે. એ સાચેસાચ સહેતુક છે.

જે પ્રજા ગીતાપાઠદ્વારા કે બીજીરીતે રોજરોજ સંસારની પરિવર્તનશીલતાને કે વિનાશકતાને યાદ કરતી હોય તે તેમાં આસક્ત થઈ શકે ખરી? તે એની અશાશ્વતતાનું સ્મરણ કરીને કેવળ સત્યરુપી પરમાત્માનીજ પ્રેમી બને ને એમના અનુગ્રહદ્વારા જીવનને ઉજ્જવળ બનાવે એ સહેલાઇથી સમજાય તેમ છે. એ એની ફળશ્રુતિ થઈ. ગીતા કેવળ પાઠ કે પરાયણ કરવા માટે નથી પરંતુ એ ફળશ્રુતિને જીવનમાં ઉતારવા કે વણી લેવા માટે છે. ફળશ્રુતિ, સાર કે સંદેશનો વિચાર કરવામાં આવે તો ગીતાનો એક શબ્દ પણ એવી રીતે જીવનમાં જરૂરી ક્રાંતિ કરવા માટે પૂરતો છે. અશ્વત્થ શબ્દમાં સમાયલો એ સંદેશ વટવૃક્ષ, નીમવૃક્ષ, આમ્રવૃક્ષ કે બીજા કોઈએ શબ્દદ્વારા એટલી સરસ અને અસરકારક રીતે ના સમાવી શકાત એવું જ્ઞાન થાય છે ત્યારે, એ સંદેશના પ્રદાયક ભગવાન શ્રીકૃષ્ણને મહર્ષિ વ્યાસને માટે આપણા અંતરમાં અસાધારણ આદરભાવ પેદા થાય છે.

# સરોડાનો અનોખો સમારંભ

-તંત્રી

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સાબરમતી નદી-ના તીરે આવેલા, સરોડા ગામ માટે તા.૧૮-૪-૮૨નો દિવસ, ધન્ય દિવસ હતો. સારૂંય ગામ કોઈપણ જાતિના ભેદભાવ વિના, આજ ગામના વતની અને સમગ્ર ભારતના અગ્રગણ્ય સંતોમાંના એક તથા આંતરરાષ્ટ્રી ખ્યાતિ ધરાવતા મહાત્માશ્રી યોગેશ્વરજીને સન્માનવા હેલે ચઢ્યું હતું.

તેઓશ્રી પોતાના આ વતનમાં પાંચેક વર્ષ પછી પધારતા હતા અને તેઓશ્રીના વરદ હસ્તે, ગામની પ્રાથમિક શાળાના નવા બંધાયેલ ચાર ઓરડાઓનો ઉદ્‌ઘાટન સમારંભ રાખ-વામાં આવ્યો હતો. આ ઓરડાઓમાં—એક ઓરડા માટેના ખર્ચનું દાન પૂ.શ્રી યોગેશ્વરજીએ, તેઓશ્રીનાં માતાજી જ્યોતિર્મયીના સ્મરણાર્થે આપ્યું હતું.

આ પ્રસંગે શાળાના પટાંગણમાં સુંદર વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. સમારંભનું પ્રમુખસ્થાન અમદાવાદ જિલ્લાના લોકપ્રિય વિકાસ અધિકારી શ્રી. મફતભાઈ આઈ. પટેલે સંભાળ્યું હતું.

પૂ.શ્રી. યોગેશ્વરજી ગામે પધારતાં બહેનોના સામૈયા સાથે વાજતેગાજતે તેઓશ્રીનું ગ્રામલોકોતરફથી ખૂબ ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યારે ગામના કેટલાક લોકો તેમજ વૃધ્ધ ઉમ્મરનાં બહેનોએ પૂ.શ્રી તથા મા સર્વેશ્વરીનું પૂજન કરી, તેઓને પુષ્પમાળાઓ પહેરાવી હતી. શ્રીમંત



દાનવીરો, કે રાજકીય પુરુષો કરતાં આ સન્માન સાવ ભિન્ન પ્રકારનું હતું, કારણ કે આ ગામની ધરતી ઉપર જન્મેલા શ્રી.યોગેશ્વરજી જેવા એક સંતપુરુષને તેમજ પ.પૂ. મા શ્રી. સર્વેશ્વરીને ગામના આબાલવૃદ્ધ લોકોએ ઉમળકાભેર સન્માની ધન્યતા અનુભવી હતી.

આ શુભ પ્રસંગે પ.પૂ.શ્રીના લગભગ સો જેટલા પ્રશંસકો મુંબઈ, સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, મોરબીને ભાવનગરથી-તેમને મન તીર્થધામ એવા સરોડાના દર્શને આવ્યા હતા. અમદાવાદના ઉત્સાહી કાર્યકર ને સાધક શ્રી. બાબુભાઈ વોરાએ સરોડા આવવા માટે ખાસ સ્પેશ્યલ એસ. ટી. બસની વ્યવસ્થા કરી હતી.

આ સમારંભનું આયોજન સરોડા ગ્રામપંચાયતના યુવાન ઉત્સાહી ને ઓછાબોલા સરપંચશ્રી રણછોડભાઈ ચુ. પટેલ તેમજ શ્રી. વાડીભાઈ આત્મારામ પટેલે, તાલુકાના વિકાસ અધિકારી તેમજ સમગ્ર ગામના સંભાવિત ગૃહસ્થોના સાથસહકારથી કર્યું હતું. આ પ્રસંગે શાળાના દાતાઓ અને મહેમાનોનું ખાસ બહુમાન કરવામાં આવ્યું હતું.

પૂ.શ્રી. યોગેશ્વરજી ઉદ્‌ઘાટન વિધિને અનુલક્ષી કહ્યું હતું "હું કાતર ચલાવી કાપવાનું કામ કરતો નથી. મારૂં કામ તો સાંધવાનું છે. ભૌતિક તાળાંઓને બદલે માણસોનાં મોહ, માયા ને મમતાનાં તાળાં ઉઘાડવાનું છે.

વળી તેઓશ્રીએ જનમેદનીને સંબોધતાં જણાવ્યું હતું. કે એક સમયે સ્નેહ, સંપને સહકારને બદલે વિખવાદોમાં રાચતા આ ગામમાં થયેલો ફેરફાર આવકારદાયક છે. એનાથી

ગામની પ્રગતિ થશે. ને બાળકોને ભણતરની સારી સુવિધા પ્રાપ્ત થશે.

સરોડા હવે માત્ર ગુજરાત કે ભારતનું'જ રહ્યું નથી. એ આંતરરાષ્ટ્રીય બન્યું છે કારણ કે અમે પરદેશ જઈએ છીએ ત્યારે અમારા જન્મસ્થાન વિષે સહેજે લોકો પૂછે છે ને અમે સરોડાનું નામ આપીએ છીએ. આમ તે ઈન્ટરનેશનલ બન્યું છે.

અંતમાં તેઓશ્રીએ ગામના લોકોને સંપ ને સહકારનું વાતાવરણ જાળવી, લોકોની સુખાકારીનાં કામો કરતા રહેવા તેમજ નાનામોટા સહુમાં આધ્યાત્મિક સંસ્કારો સંસ્થાપિત થાય તે જોવા અનુરોધ કર્યો હતો.

પ. પૂ. શ્રી. સર્વેશ્વરી માનો પરિચય શ્રી નારાયણભાઇ જાનીએ આપ્યો હતો. તેઓએ એવી ભાવના પ્રદર્શિત કરી હતી કે પ. પૂ. જ્યોતિર્મયી માતાજીની હયાતિ દરમ્યાન આવો સમારંભ યોજાયો હોત તો તેઓ ખરેખર ખૂબ પ્રસન્ન થાત.

પૂ. શ્રી સર્વેશ્વરી માએ જણાવ્યું હતું કે સરોડા ગામ અમો સહુ માટે યાત્રાધામ સમું છે, કારણ કે આ ગામની ધરતી પ. પૂ. શ્રી. યોગેશ્વરજી જેવા મહાન સંતને જન્મ આપી ધન્ય બની છે. ગામના લોકોએ તેઓશ્રીના કરેલ સન્માન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

આ ગામના પ્રોફેસર ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ પણ ગામની આ પ્રગતિ બદલ ખુશી વ્યક્ત કરી, પૂ. શ્રી. યોગેશ્વરજીનું અભિવાદન કર્યું હતું.



જાણીતા સાહિત્યકાર શ્રી ઈશ્વર પેટલીકરે પણ ગામ લોકોની શુભ પ્રવૃત્તિને બીરદાવી પૂ. શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. શ્રી સર્વેશ્વરીમાના કરવામાં આવેલ સન્માન બદલ ખુશી વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી. વાડીભાઈ પટેલે ખૂબ સુંદર રીતે કર્યું હતું.

ગામ લોકોએ બહારથી આવેલ મહેમાનો માટે ભોજનની તેમજ પૂ. શ્રી ના ઘરે સત્સંગ વગેરેની વ્યવસ્થા પણ કરી હતી.

ઉકેરો માર્ગ

અપેક્ષાનાં દુઃખો ઝાઝાં
ઉપેક્ષાનાં ય અલ્પ ના.
અપેક્ષા ને ઉપેક્ષાથી
ઉફરા માર્ગ સુખના.

રણજિત પટેલ (અનામી)

## પ્રારબ્ધ ચક્ર

પ્રારબ્ધ (ને લીધે દેહધારણ)

સંગતિ

રસ — અનુકરણ

ઈચ્છા

ભોગ (પંચવિષયના)

જ્ઞાનને લીધે સામાન્ય ભાવથી ભોગવાથી સંસ્કાર ક્ષય તે જ મોક્ષ

અજ્ઞાનને લીધે વિશેષ ભાવથી ભોગવવાથી

અદૃઢ (કાચા) સંસ્કાર (એકવાર ભોગવવાથી કાચા)

(કાચા સંસ્કાર આગળ જતાં 'સંચિત'માં જમા થાય છે.)

દૃઢ (પાકા) સંસ્કાર (અનેકવાર ભોગવવાથી પાકા)

(પાકા સંસ્કાર આગળ જતાં 'પ્રારબ્ધ'માં ફેરવાય છે.)

---

આસક્તિ (મોહ, ખેંચ)

ધ્યાન (લગની)

વાસના (કામના, મોહ, આસક્તિ સહિત ઇચ્છા)

| | | | | |
|---|---|---|---|---|
| ૧ રાગ | ૨ દ્વેષ | ૩ ક્રોધ | ૪ લોભ | ૫ ભય |
| વિષયની | વિષયની | વિષયની પ્રાપ્તિની | વિષયના | વિષયના |
| અનુકુળતામાં | પ્રતિકુળતામાં | આડખીલી (વિક્ષેપ)માં | અલ્પસુખ લીધે | અભાવના સંભવો |

અદૃઢ (કાચા) સંસ્કાર ( એકવાર વિકાર થવાથી કાચા 'સંચિત' માં જમા થાય છે. )

દૃઢ (પાકા) સંસ્કાર (અનેકવાર વિકારો થવાથી પાકા 'પ્રારબ્ધ' માં ફેરવાય છે.)

પ્રારબ્ધ

પુનર્જન્મ (દેહધારણ)

# "પ્રારબ્ધ"

ઈશ્વરભાઈ એમ. શાહ, વડોદરા.

## સંસ્કાર એટલે શું?

મનુષ્ય જે કર્મ કરે છે–તે પછી માનસિક કે શારીરિક હોય તે શુદ્ધ મનથી, આસક્તિ સિવાય કરવામાં આવે તો તે કર્મનો અંતઃકરણ ઉપર કંઇ પણ સંસ્કાર પડશે નહિ; કારણકે તે ક્રિયા રાગદ્વેષ રહિત, સાધારણ ભાવથી થઈ છે, વિશેષ ભાવથી નહિ. જો એમ એ ક્રિયા ન થઇ હોય તો એના કેટલાક નવા સંસ્કાર અંતઃકરણ ઉપર પડે છે. એ સંસ્કાર મનને એવીજ ક્રિયા તરફ ખેંચે છે અને કર્મ કરાવીનેજ છોડે છે. એ ક્રિયા કરતાં કરતાં એમાં રસ પડે છે અને સંસ્કાર ધીરે ધીરે દૃઢ થઇ જાય છે. જેથી વાસ્તવિક ઈચ્છા ન છતાં બળજબરીથી મનને એવી ક્રિયા કરાવે છે અને નવા સંસ્કાર પેદા થયા કરે છે. આ ચક્ર સદા આવી રીતે ચાલ્યા કરે છે. નવા સંસ્કારો થવાનું બંધ થાય ત્યારેજ તે બંધ થઈ શકે. ક્રિયામાં પ્રવૃત્તિ હોવા છતાં આસક્તિ ન હોય અને તે ત્યારેજ બને કે જ્યારે પોતાના આનંદસ્વરૂપનું જ્ઞાન હોય તો તે નવા સંસ્કાર જેને ક્રિયમાણ કહે છે તેને ઉત્પન્ન નહિ થવા દે.

## પ્રારબ્ધ એટલે શું?

નવા સંસ્કારો થવા બંધ થયા. પરંતુ જુના સંસ્કારો જે પરિપકવ હોય તેને ભોગવ્યા વગર છૂટકોજ નથી તે ભોગવવા યોગ્ય શરીર જોઇએ. આ શરીર એમ માટે યોગ્ય ન હોય તો જીવ આ શરીર છોડી, પેલા પરિપકવ સંસ્કાર ભોગવવા યોગ્ય



નવું શરીર ધારણ કરે છે. આવા દૃઢ અને પરિપકવ ફલોન્મુખ સંસ્કારસમુદાય પ્રારબ્ધ કહેવાય છે–પ્રારબ્ધ ભોગવેજ છૂટકો. કેટલાક ભોગ એટલા નાના નાના હોય છે કે તે સ્વાપ્નાવસ્થામાં શરીરથીજ ભોગવી નાખે છે.

## સંસ્કારો કેવી રીતે નષ્ટ થાય?

જે સંસ્કાર અતિ દૃઢ હતા તે ફલોન્મુખ બની પ્રારબ્ધ થયું અને તે અનુસાર શરીર ધારણ થયું. બાકીના જે સંસ્કાર અતિદૃઢ ન હતા તે એવાજ પડી રહ્યા. આ સંસ્કારોને સંચિત કહેવાય છે. તેને સજાતીય સંસ્કારો મળે તો તે પણ દૃઢ થાય અને પ્રારબ્ધમાં ફેરવાય. જ્ઞાની પ્રત્યેક ક્રિયા અનાસકત મનથી કરે છે તેથી તેવા સંસ્કાર ઉત્પન્ન થતા નથી. અને સંચિત સંસ્કારોને નવા સંસ્કારો મદદ ન મળવાથી એમજ પડી રહે એટલુંજ નહિ પોતાના આનંદસ્વરૂપના ભોગનાજ સંસ્કાર એટલા બધા દૃઢ થશે કે બીજા સંસ્કાર આપોઆપ નષ્ટ થશે ઉદાહરણ તરીકે એક ફળ ખાધુ–અતિ સ્વાદિષ્ટ હતું, તેથી તેના અંતઃકરણ ઉપર સંસ્કાર પડશે. અને ફરી ફરી તે ખાવાની ઈચ્છા થશે. પરંતુ તે ફળ ખાવાથી શરીરને નુકશાન થાય એમ એવી ખબર પડતાં તે પ્રમાણેના સંસ્કાર પડશે–અને પ્રથમના સંસ્કાર હતા તે નષ્ટ થશે–જેથી તે ફળ ફરીથી ખાવા નહિ દે–આવીજ રીતે વિષયોમાં આનંદ નથી–આત્મામાં આનંદ છે. વિષયો તો દુઃખનું મૂળ છે એ જ્ઞાનથી વિષયોથી થતા નવા સંસ્કાર નષ્ટ થશે. તેથીજ કહેવામાં આવ્યું છે કે જ્ઞાનાગ્નિ સર્વ કર્મોને બાળી નાખે છે.

**જીવ પ્રારબ્ધ ભોગવવા પરતંત્ર, જયારે નવા સંસ્કાર માટે સ્વતંત્રઃ–**

ઉપરોક્ત વિવેચનથી એ સ્પષ્ટ થયું કે પ્રારબ્ધના ભોગ ભોગવવા જીવ પરતંત્ર છે. તેને તે ભોગવેજ છૂટકો-આ શરીર તે ભોગવવાજ નિર્માયું છે જેથી પુરૂષાર્થ કરાવશેજ. પરંતુ આ ભોગો સિવાય નવા સંસ્કાર બનાવવા યા તદ્દન ન બનાવવા અને જુના સંસ્કારોનો ફલોન્મુખ ન થવા દેવા એ માટે જીવ સ્વતંત્ર છે. અને તેને માટે નિશ્ચય અને પુરૂષાર્થની આવશ્યકતા છે. જ્યારે પ્રારબ્ધના ભોગ માટે પુરૂષાર્થના નિશ્ચયની આવશ્યકતા નથી-સ્થૂલ ભોગમાં જીવ પૂર્ણ પરતંત્ર જ્યારે સૂક્ષ્મ માનસિક સૃષ્ટિમાં એ સ્વતંત્ર છે-રાગદ્વેષ, હર્ષશોક, કામક્રોધાદિ ષડ્‌વિકાર, અહંકાર, સ્વાર્થ, પરમાર્થ, સદ્‌ગુણ, દુર્ગુણ આ માનસિક સૂક્ષ્મભોગ છે. આમાં જુના સંસ્કાર જરૂર જોર કરે છે છતાં અધિક પુરૂષાર્થ હોય તો જૂના સંસ્કાર નિર્બળ થઈ જાય અને તેનું કાંઈ પણ ન ચાલે. એટલે આ સૂક્ષ્મ માનસિક ક્રિયાઓમાં જીવ સ્વતંત્ર છે અને પોતાની ઈચ્છાનુસાર એમાં ઉલટ ફેર કરી શકે છે. તેથી અહીયાં પુરૂષાર્થના નિશ્ચયની ખાસ આવશ્યકતા છે. તેથીજ પૂજા, પાઠ, સત્સંગ વગેરે શુભ સંસ્કાર બનાવનાર કાર્યોમાં તેમજ નવા સંસ્કાર પડવાનું બંધ થાય અને જ્ઞાનની પ્રાપ્તિ થાય એમાં પુરુષાર્થની ખાસ આવશ્યકતા છે-પ્રારબ્ધ ભોગતો આપોઆપ મળશેજ. એની ચિંતા કરવાની આવશ્યકતા નથી એતો ચિંતા કર્યા વગર થવાનું તે થવાનુંજ છે.



## "રમણ કેન્દ્ર અમદાવાદ" નો સાંસ્કૃતિક કાર્યક્રમ

ગૌત્તમ ભટ્ટ

ભગવાન શ્રી રમણ મહર્ષિના નિર્વાણને ૩૨ વર્ષ પુરાં થયાં. આ પ્રસંગે "રમણ કેન્દ્ર અમદાવાદ" તરફથી એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા.૧૧-૪-૮૨ના રોજ સાંજે ૫ વાગે ભાઇકાકા હોલ અમદાવાદમાં કરવામાં આવ્યું. પ્રારંભમાં કેન્દ્રના સંચાલક શ્રી. કે. શિવરાજે ભગવાન રમણ મહર્ષિના જીવન વિષે અંગ્રેજીમાં પરિચય આપ્યો. ત્યારપછી શ્રીમતિ હર્ષિદા રાવળ તથા જનાર્દન રાવળનો ભક્તિ સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો, જે સફળ રહ્યો. ગુજરાતના સંતપુરુષ પરમપૂજ્ય યોગેશ્વરજીને પણ આ પ્રસંગે રમણ મહર્ષિના જીવન વિષે પ્રવચન કરવા ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પૂ. મહાત્માજીએ તેમના લગભગ એક કલાકના પ્રવચનમાં ભગવાન રમણ મહર્ષિના જીવનના મહત્વના પ્રસંગોનું ખુબ જ ભાવનાત્મક શબ્દોમાં વર્ણન કર્યું. જેની શ્રોતાજનો પર ઘણી અસર પડી હોય તેમ લાગ્યું.

પ્રવચનો તો ઘણા કરે છે. આપણા નેતાઓ પણ કરે છે. પરંતુ તેમના પ્રવચનોનો સામાન્ય લોકો પર ખાસ પ્રભાવ પડતો નથી, કારણકે તેમની વાણી અને વર્તનમાં આસમાન-જમીનનું અંતર હોય છે. જ્યારે પૂ. યોગેશ્વરજી જેવા સંત પુરુષ ભગવાન રમણ મહર્ષિના જીવન વિષે પ્રકાશ પાડે, ત્યારે શ્રોતાજનો પર તેની અસર થાય તે સ્વાભાવિક છે. કારણ કે તે શબ્દો હૃદયના ઉંડાણમાંથી નીકળેલા હોય છે. વળી તેનું બીજું કારણ એ છે કે પૂ.શ્રીને રમણ મહર્ષિના અમુલ્ય દર્શનનો, તેમ જ ધ્યાનાવસ્થામાં તેમની સાથે વાર્તાલાપ કરવાનો અમુલ્ય લાભ તેમના જીવનમાં અવારનવાર મળ્યો છે.

કાર્યક્રમની વિશેષતા એ હતી કે યુવાન-વર્ગની હાજરી નોંધપાત્ર હતી. આપણી યુનિવર્સીટી શાળા-કોલેજોએ પૂ. યોગેશ્વરજી જેવા સંતપુરુષોના પ્રવચનનું આયોજન કરવું જોઈએ. જેથી વિદ્યાર્થીઓમાં ચારિત્ર્યનું ઘડતર થાય અને એ રીતે સાચા અર્થમાં નવનિર્માણ શક્ય બને. સંતો-પુરુષોની વાણીનો પ્રભાવ અને તેની અસર લાંબા સમય સુધી રહેતી હોય છે.

આવા સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન પાછળ કોની પ્રેરણાનું પીઠબળ કામ કરતું હોય તેની આપણા જેવા સામાન્ય મનુષ્યોને કઈ રીતે ખબર પડે? આપણે તો તેની સફળતાથી જ સંતોષ લેવો રહ્યો.


જેને પોતાના શાસ્ત્રો, ઈશ્વર, ગુરુ, મંત્ર અને પોતાની સાધનામાં અતૂટ વિશ્વાસ, અખંડ શ્રદ્ધા હશે તે પરમાત્માના પરમપદને પહોંચી શકશે.

શ્રી યોગેશ્વર

કનેરીયા એન્જીનીયરીંગ વકર્સ

શાંતિભાઇ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૭૧




# ગીતાનો પ્રધાન સંદેશ જીવનનું સારથિપદ પ્રભુને સોંપો

સંકલન : નાનુરામભાઈ દુધરેજિયા

(તા. ૨૪થી ભાવનગર ટાઉનહોલ ખાતે મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો શરૂ થયા છે. વિષય છે ગીતાનો સંદેશ. એમના પહેલા વ્યાખ્યાનનો સાર ભાગ ટુંકાવીને અત્રે રજુ કર્યો છે-સં.)

શ્રીમદ્ ભગવદ્ ગીતા વિષે વ્યાસજીએ એવું કહયું છે કે, ગીતાને વાંચી, વિચારીને બેસી રહેવાને બદલે તેને જો જીવનમાં ઉતારાય, એના સંદેશાને જીવનમાં ગૂંથી લેવાય, તો જીવન સફળ અને સાર્થક બને. ગીતા, પાઠ કરવા કે એના શ્લોકોને કંઠસ્થ કરવા માટે નથી, કર્તવ્યમાં ઉતારવામાટે છે. જીવનની પળે પળે, પ્રત્યેક સ્થળે એને આત્મસાત કરી શકાય તેવી છે.

## આશીર્વાદરૂપ

ભારતીય સંસ્કૃતિના ગ્રંથો વેદ, વાલ્મીકિ રામાયણ વગેરેને વાંચવામાં વધુ કુશાગ્ર બુદ્ધિ જોઈએ. એ ન સમજી શકનાર જિજ્ઞાસુ માટે ગીતાનું વાંચન, મનન ઘણું ઉપયોગી છે. એના આદેશોને જીવનમાં ઉતારતા તે આશીર્વાદરૂપ બની રહે છે.

વેદ-ઉપનિષદ ગાયો જેવા છે. શ્રીકૃષ્ણ ગોવાળ છે. અર્જુન વાછરડો છે, માનવ જાતિના મંગલ માટે શ્રીકૃષ્ણે એને દોહીને ગીતારૂપી અમૃત આપેલ છે.

આપણા દેશમાં ગીતા ઉપર ઘણું ઓછું ધ્યાન અપાયું છે. ભાગવત રામાયણ પર અપાય છે, પ્રજાનું તેટલું ધ્યાન આ ગ્રંથ પર ગયું નથી. એના ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોકોમાં ભારતીય સંસ્કૃતિનો આત્મા બોલતો સંભળાય છે.

## પરદેશમાં ગીતાપ્રેમ

લંડન જતા રસ્તે હરેકૃષ્ણવાળાનું એક મંદિર હતું, ત્યાં ગીતા અંગ્રેજીમાં છપાતી હતી. વેચવા માટે ભકતો પુરુષાર્થ કરી રહયા છે પ્રતોને લઇને બજારમાં, ઘરોમાં જઇ. તેનો મહિમા સમજાવી ખરીદવા તત્પર બનાવે છે. એક વ્યકિત રોજની સો ગીતા વેચવાની તમન્ના રાખે છે.

આપણા દેશમાં આવી ભાવના નથી. ગીતા પ્રાણવાન સંસ્કૃતિ ગ્રંથ મનાય છતાં આ રીતે એને વેચનારા કેટલા ? અંગ્રેજોમાં આવી તમન્ના અમે જોઇ. એમનું માનવું છે, કે ગીતા સમસ્ત સંસારનો ગ્રંથ છે. જેઓ પોતાના જીવનને પરમાર્થ પરાયણ, ઉદાત્ત કરવા ઇચ્છતા હોય તેમને માટે પ્રેરણાદાયી છે. કાળ કે દેશનું આ ગ્રંથને બંધન નથી. આ કાર્ય 'યજ્ઞ' છે. એવું એમના મનમાં ઠસી ગયું છે.

## ગીતામાં શું છે ?

તો ગીતામાં આવું શું છે ? એનું હાર્દ શું છે ? એમાં જીવનોપયોગી તત્ત્વ શું છે, કે ભારતના જ શિક્ષિત જિજ્ઞાસુઓ નહિ, બહારના લોકો પણ આકર્ષિત થાય છે.

ગીતામાં પણ પ્રશ્નોનો ઉકેલ છે. એમાં સુંદર સંદેશ છે. પશ્ચિમમાં ભૌતિક સમૃદ્ધિ ઘણી છે. વિજ્ઞાને સુખના સાધનોની પરાકાષ્ઠા જન્માવી છે. છતાં આત્મિક સુખ સર્વત્ર દેખાતું નથી. જેની પાસે અપાર ભૌતિક સંપત્તિ છે, તેને પણ શાંતિનો અનુભવ થતો નથી. નિરાંતે ઊંઘી-જમી કે જીવી શકતા નથી.

## શાન્તિ કેમ મળે ?

આથી ત્યાં પ્રશ્ન છે એ જાણવા માગે છે કે શાન્તિ કેમ મળે ? સુખ, સંતોષ અને પરિતૃપ્તિ કેમ મળે !

પ્રજા આ માટે વિચારે છે. રંગીન ટી.વી. બધાને ઘેર છે. મોટર છે. ઊંચા મકાનો છે, રસ્તા છે, પુલો છે, ઉત્પાદન વધેલું છે, લક્ષ્મી વધી છે. પણ શાંતિ, સુખ, પારસ્પારિક પ્રેમ



વધ્યો નથી ! તો શાન્તિ, સંતૃપ્તિ કેમ વધે ? આનંદ શી રીતે વધે ? એ માટે શું કરવું ?

## આત્માના મોતીની શોધ

પશ્ચિમના લોકો આ માટે પ્રશ્નો પૂછે છે. મન, વિચાર, ઈન્દ્રિય, સંકલ્પ-વિકલ્પ પર કાબૂ ન મળે ત્યાં સુધી શાંતિ કે સુખનું સ્વપ્ન પરિપૂર્ણ થાય નહિ. મનના ભાવો, તર્ક-સંકલ્પ વિકલ્પ, ઇન્દ્રિયો પર પ્રભુત્વ સ્થાપવા શીખવું પડે છે. વિજ્ઞાન બહારના જગત પર શાસન કરી શકે છે, તેવી રીતે અંદરના આત્મિક રહસ્યોને હસ્તગત કરવા પ્રયત્ન કરવો પડશે. દિલની દુનિયામાં ડુબકી મારી આત્માનું મોતી શોધવું પડશે અને સ્વરૂપનું અનુસંધાન સાધવું પડશે.

કુરુક્ષેત્રમાં કૌરવ-પાંડવોની સેના લડી. પાંડવો વિજયી બન્યા. કેમ જીત્યા ? શાંતિ-સામ્રાજ્ય કેમ મેળવ્યાં ? તેનું મૂળ કારણ શું ?

## જીતનું કારણ

વ્યાસ પ્રકારન્તરે કારણ આપે છે. વિજય મળ્યો તે અર્જુન કે-ભીમના પરાક્રમે નહિ, સંમીલિત શક્તિબુદ્ધિથી નહિ, પરંતુ તેમના પક્ષમાં ભગવાન શ્રીકૃષ્ણ હતા તેથી મળેલ.

જળાશય સરિતા કે સમુદ્ર પાર કરવો હોય તો તેનો આધાર નાવિકની કુશળતા પર રહેલો છે. કુશળ ને બુદ્ધિમાન નાવિક હોય તો સલામત પહોંચાડે. મોટરનો ડ્રાઇવર સારો હોય તો અકસ્માત વિના ગંતવ્યસ્થાને પહોંચાડે. નાવિક કે ડ્રાઇવર સારા ન હોય તો પહોંચાય નહિ. પાંડવો વિજયી બન્યા, કૌરવનું સૈન્ય મોટું હતું, છતાં જીત્યા, કારણ વ્યાસજી કહે છે : તેમના નાવિક ભગવાન શ્રીકૃષ્ણ હતા, એ એમના પથદર્શક હતા તેથી વિજય મળ્યો.

## ગીતાનો બોધ

ગીતા આપણને કહે છે સંસારરૂપી નદીમાં વિઘ્નો છે,

અંતરાયો છે. પરમાત્માનું શરણુ-સ્મરણુ પ્રેમને હૃદયમાં ધારણુ કરીને જીવનવ્યાપન કરાય તો તેને આ નદી ડરાવી-ડગાવી શકતી નથી.

કામ, ક્રોધ, લોભ, મોહાદિ છે, જેની સામે માનવે લડવાનું છે, ઝઝુમવાનું છે. પાંડવોને હતી તેવી શ્રધ્ધા અને પ્રેમ જેનામાં હોય તે સફળતાના સર્વોચ્ચ શિખરે પહોંચી શકે. ગીતા કહે છે તમને વિશ્વાસ છે -અર્જુનને સારથિપદ શ્રીકૃષ્ણુને સુપ્રત કરેલ તેમ કરવાનો ? ભગવાન પાર ઉતારી શકે એમ છે, એવો વિશ્વાસ તમારામાં છે ખરો ? અને હોય તો એ સર્વેશ્વરનું શરણુ તમે લીધું છે ? એ માટે પ્રાર્થના કરી છે ? આવું કરાય તો પ્રભુનો અનુગ્રહ મળે. વિઘ્નો પાર કરી ગંતવ્યસ્થાને સહેલાઈથી પહોંચી શકાય. એટલું જ નહિ, સર્વ પ્રકારની અશાંતિ, ને બંધનમાંથી મુક્ત બની ધન્ય બની શકાય.

### ઇશ્વર શરણુ

ગીતાના ૧૮મા અધ્યાયમાં ઉપસંહાર કરતા કહે છે "બધાના હૃદયમાં ઈશ્વરનો વાસ છે. તેને લીધે જ જીવો પ્રવૃત્ત થાય છે. તે ઈશ્વરના ચરણુમાં સર્વ સમર્પણુ કરાય તો ચિંતા રહેતી નથી. પછી પરમાત્મા જ રક્ષણુ કરે છે."

સનાતન શાંતિ પરમાત્માની કૃપા હોય તો મળે. જીવનમાંની મુસીબતોમાંથી પણુ મુક્ત થવાય. પરદેશમાં બધું છે પણુ પ્રભુમાં શ્રધ્ધા નથી. કેટલાક ઈશ્વરમાં માનતા જ નથી. ઈહલોકના સુખોમાં જ વિશ્વાસ ધરાવે છે, ઇન્દ્રિય સુખોમાં આનંદ માને છે. તેથી શાંતિ નથી. શ્રધ્ધા-ભક્તિ વધે તેમ શાંતિ વધે, પરિતૃપ્તિ પ્રબળ બને. જીવનમાં ગીતાનો સંદેશ સાચા અર્થમાં ઉતરે તો જ સુખ-શાંતિ આનંદની જીવનમાં ઉપલબ્ધિ થાય.



# रसो वै सः ।

ડૅા. અશ્વિનભાઈ ડી. પટેલ

વિષ્ણુપત્ની ધરિત્રી માટે बहुरत्ना वसुंधरा । એવું સૂત્ર પ્રચલિત છે. રસના પરિપ્રેક્ષથી વિચાર કરીએ ત્યારે એ સૂત્રનું સહચારી સૂત્ર બીજું बहुरसा वसुंधरा । એવું બનાવીએ તો તે અજુગતું નહિ ગણાય. કારણુ દુનિયાનાં રસકસ बहुरसा ધરતીમાંથીજ પેદા થાય છે. પરબ્રહ્મ ખુદ રંગરૂપે પરિમલરૂપે અને છેવટે રસરૂપે ધરતી પર ઉગેલ, તૃણુ, છોડ, વેલ વૃક્ષ પર પ્રગટ થાય છે. જાતજાતના રસ ! સ્વાદમાં અસલ ષટ્ (છ) પ્રકારના: कट्वम्ललवणतिक्तकषायमधुरा रसाः ખરરસઃ કડવો, ખાટો, ખારો, તીખો, તૂરો, અને મધુર (મીઠો) રસ અને એના મિશ્રિત રસો અહોહો કેટલા બધા ! જેના સ્વાદની કમાણી માટે, એના રસાનુભવ માટે પ્રકૃતિપ્રેમી માનવ કેટલો કેવો પુરુષાર્થ કરે છે ! પશુપંખી આદિ રસસ્વાદન માટે જે પ્રવૃત્તિ કરે છે તે તો જુદી બ્રહ્માંડવ્યાપક रसो वै सः । પરબ્રહ્મનું રસસ્વાદસહ દર્શન કરવું એ તો પ્રાકૃત માણુસના નસીબમાં ક્યાંથી હોય ? બૌદ્ધિકો માટે પણુ તે કેટલું સીમિત છે ? એ દર્શનને ભોગવીને આચરણુ કરતાં એને આવડતું નથી એટલો એ પરમાત્માથી દૂર થતો જાય છે. એ રસનો ખાઉધરો વ્યયી આસ્વાદ કરીને એ એથી એ દૂર હડસેલાય છે. એ દૂર ન થાય એવું रसो वै सःનું દર્શન સાહિત્યક્ષેત્રે કરવાનું છે. અને संगीता વાકની અપેક્ષા એ એ જ અહીં અભિપ્રેત છે. કવિએ અને આલંકારિકની એક શાખા "एको रसः करुण एव, निमित्त भेदात... ।" ભવભૂતિની જેમ કરુણુ એ જ એક રસ છે...એમ માને છે. બીજી શાખા

શૃંગાર પ્રકાશના કર્તા ભોજ કવિની શૃંગાર રસને પ્રધાન માને છે, જેમાંથી નિમિત્તભેદ કરીને બીજા રસો ઉત્પન્ન થાય છે. કેટલાક કવિકુલગુરુ કાલિદાસને આ મતનો માને છે. शृङ्गारवीरकरुणाद्भुतहास्यभयानकाः बीभत्सरौद्रौ च रसाः । એ નવ રસમાંથી કોઈપણ રસનું નિરૂપણ જેટલું જેટલે અંશે શુદ્ધ તેટલે અંશે ભાવક કે સહૃદય માણસને એનો રસાનુવ unperturbed એટલે અન્ય ડખલ વિનાનો; અને તેટલે અંશે એનું પરિણામ આનન્દ હોય, એક વધારાનો દસમો રસ ભક્તિરસ કે શાન્તરસ મનાયો છે; જેનું પરિણામ પરમાનન્દ. આનન્દ કે પરમાનન્દ આખરે તો પરમાત્મતત્વાનુભવ છે' रसो वै सः નો અનુભવ છે.

હૃદય કે અંતઃકરણ જેમાં પ્રાણ એટલે કે ઇશ્વરીય ચેતના બેઠી છે તેના નૈમિત્તિક અનુભવની વાત એનું નામ રસ. રસને વાસ્તવમાં આલેખી શકાય ? ના. જો કે ચિત્રશૈલીમાં એનાં માનવાકૃતિરૂપે પ્રકારભેદે વિવિધ આલેખન થયેલાં છે. મધપૂડામાંથી મધ જમે તેમ સર્જનમાંથી, કલાકૃતિમાંથી રસ ઝમવો જોઈએ. તો જ તે અનુભવી શકાય. રસ પ્રેક્ષ્ય નથી, અનુભાવ્ય છે. રસ તો અનુભવી શકાય. રસનો અનુભવ પ્રયત્નપૂર્વક કરવા–કરાવવાનો ન હોય. એ સહજ હોવો જોઈએ. કષ્ટપૂર્વક કે શ્રમપૂર્વક એનો અનુભવ કરી–કરાવી ન શકાય. એ એક ચૈતસિક સૂક્ષ્મ સહજ વ્યાપાર છે જેમાં કોઈ ખંડ પ્રક્રિય નથી હોતી. અખંડ પ્રક્રિયાની એ અખંડ અનુભુતિ છે. જેમ બ્રહ્માનુભૂતિ, આત્માનૂભૂતિ, ઇંદ્રિયોના વિષયવ્યાપારોની શુચિતા જેટલી જળવાય તેટલી રસવિષયમાં એકાગ્રતા સધાય; તેટલે અંશે તેમાં ધ્યાનયોગ સધાય, અને તેટલે અંશે અંતે રસાનુભવ થાય. નિમિત્તભેદે રસાનુભવનો આધાર એથી જ જે તે સંબધ્ધ ભાવ, અનુભવાય અને વ્યભિચારી ભાવ



(જેમની વિગતવાર ચર્ચામાં ઊતરવાનું અહીં પ્રયોજન નથી) ઉપર અવલંબે છે. કવિ, લેખક, સર્જક, સંગીતકાર કે કલાકાર એના અનુભવને જેટલી યૌગિક એકતાનતાથી, અનન્ય એકાગ્રતાથી અને સહજ કૌશલ્યથી પોતાની કૃતિમાં ઉતારી શકે તેટલે અંશે રસજમાવટ શક્ય બને છે. સાહિત્યિક કે કલાનૈમિત્તિક રસનો અનુભવ પાઠક, પ્રેક્ષક કે શ્રોતાના વય, સંસ્કાર, કેળવણી, જ્ઞાનદશા, મનોદશાની તંદુરસ્તી, સમય સમય પરની રુચિ, ચિત્તની પ્રસન્નતા, અંતઃકરણનો પ્રસાદ વગેરે ઉપર એને આજુબાજુના સ્થળસમયના વાતાવરણ પર આધાર રાખે છે. બધા માણસોને સરખો રસાનુભવ પણ એ હિસાબે થતો નથી, એની એટલે કે રસાનુભૂતિની માત્રામાં એ હિસાબે ફેર પડે છે. પાત્રોના અને પાત્રો વચ્ચેના ઉછેરભેદ, શિક્ષણસંસ્કારભેદ, પ્રકૃતિભેદ, રુચિભેદ, સ્વભાવભેદ, ઘર્ષણ કે સંઘર્ષ, ઘાતઆઘાત, ક્રિયાપ્રતિક્રિયા અને ફલસ્વરૂપે ઘટતી કે ઘટાવતી ઘટનાઓ (બનાવો) કૃતિ કે સર્જનને climax ઉચ્ચોચ્ચ પારિસ્થૈતિક હાલહવાલ (એટલે કે પરાકાષ્ઠા) તરફ દોરી જાય છે અને એમાંથી રસાનુભૂતિની પરાકાષ્ઠા પણ સર્જાય છે; એનું નામ રસજમાવટ જેના ઉપર લેખક, સર્જક કે કલાકારની સફળતા આધાર રાખે છે. રસાનુભૂતિની સર્વસાધારણ માત્રા જેટલી વધારે તેટલી તેની વ્યાપકતા અને સનાતનતા વધારે. સાહિત્યમાં संगीता वाक् કાર્યશીલ હોય, નૃત્ય નૃત્ત કે નાટકના તખ્તા ઉપર અને ચિત્રના ફલક કે પડદા યા ભીંત ઉપર संगीता दृक् કાર્યશીલ હોય. સંગીતમાં ગાયન, વાદન અને નૃત્ત કે નૃત્યનો પણ સમાવેશ થાય. ગાયનમાં અસલ ષડ્રાગ ભૈરવ, માલકોસ, હિંડોળ, શ્રીરાગ, કેદાર અને મલાર અને એના છ ઉપરાગ તથા દરેક રાગઉપરાગની સાત સાત રાગિણીઓ મળી કુલ ચોર્યાશી

રાગરાગિણીઓમાં, સાજ (વાજિંત્ર)ના ભેદે કરી વિવિધ વાદન અને વિવિધવિધ પ્રકારનાં નૃત્ત નૃત્યમાં નાદબ્રહ્મના અનુભવ તરફ લઈ જનાર સંગીતા શ્રુતિ કાર્યશીલ હોય. આ બધા જ બ્રહ્મવ્યાપાર છે, ચેતનાવ્યાપાર છે. જીવનનો પરમાનન્દ એથી જ અનુભવગમ્ય બને છે. પરમાત્માનોઃ-रसो वै सः-નો-હૂબહુ અનુભવ ત્યારે શકય બને છે.

પૂર્ણ રસાનુભૂતિ વખતે માણસ ખુદ જ જાણે કે रसो वै सः બની જાય છે. સાચી કલાકૃતિ ચિંત્તત્રને ઝણઝણાવી મૂકે છે, આત્માને અમૃતનું આસ્વાદન કરાવે છે, સ્વમાધુર્યનો આસ્વાદ કરાવે છે. આત્મા અને પરમાત્મા વચ્ચે તાદાત્મ્ય સાધવા-સધાવવા માટેનું એક બહુપ્રબળ સાધન તે રસવાહી સર્જન છે. એ પણ એક યૌગિક પ્રક્રિયાનું પરિણામ છે, જેનાથી દુનિયા-સૃષ્ટિ રહેવા જેવી, માણવાજેવી, સહેવાજેવી, ભોગવવા જેવી અને આકંઠ, આ હૃદય અનુભવવા જેવી બની રહે છે. रसो वै सः એવા પરમ ચૈતન્યનાં ત્યારે જ દર્શન થઈ શકે છે.

રસાનુભૂતિ કરાવવા માટે સાહિત્ય એક વિરાટ માધ્યમ છે. એમાં શબ્દની અભિ-લક્ષણાવ્યંજના શક્તિ, લાલિત્ય માધુર્યઓજસાદિ ગુણો, શબ્દાલંકારો ને અર્થાલંકારો વગેરે ઘણો મોટો ભાગ ભજવે છે; પણ એનું વિવરણ અહીં પ્રસ્તુત નથી. સાહિત્યેતર અનેક ક્ષેત્રો રસાનુભૂતિ કરાવવાની ક્ષમતા ધરાવે છે. દા. ત. કુદરત. એ એક મોટો કલાકાર છે, ચિત્રકાર છે, બજવૈયો છે, ગવૈયો છે. હિમાલયનાં બરફઆચ્છાદિત શિખરોનાં ક્ષણેક્ષણે નવીનતા ધારણ કરતા સુંદર દશ્યો, ઉષા, સંધ્યાના પ્રાચીપ્રતિચી દિશાઓના અસીમ ફલકપર રેલાતી વિધરંગી રંગોળીઓ, સાગરનું ઘેરગંભીર ગાણું, વર્ષાનાં

( પાનાં ૪૨ ઉપર )



# સાધુની પરખ

ભૂપતરાય મો. ઠાકર. 'ઉપાસક'

સાધુ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ થાય છે-સારું-ભલું-ઉત્તમ-શ્રેષ્ઠ જેના વિચાર-વાણી અને વર્તન શ્રેષ્ઠ છે-લોકોત્તર છે તે સંત છે. પોતાના પુરુષાર્થ દ્વારા સંસ્કાર અને સંસ્કૃતિનું સંવર્ધન, સમર્થન, સમાર્જન અને સંરક્ષણ કરે છે. સત્ કર્મ કરે તે સંત. 'સંતો જ' સમાજમાં શ્રેષ્ઠતમ છે. સંતો જ સમાજના વાહક છે.

'साधु तो चलता भला' કહીને સાધુને વહેતા ઝરણા કે વહેતી હવાની ઉપમા આપી છે. જે સમાજની મલિનતા ધુએ છે અને તંદુરસ્તી જાળવે છે. સ્થળ, કાળ અને સ્થિતિ તેમને સ્પર્શતાં નથી. 'सब भूमि गोपालकी' માનીને વિહાર કરતા રહે છે. સમાજને માર્ગદર્શન આપે છે. સૌના જીવનને પ્રકાશિત કરતા દીવડા સમાન છે.

'साधु गांठ न बांधई' શબ્દોમાં સાધુની અનાસક્તિ અને વિરક્તિ દેખાય છે. 'ફિકરની ફાકી કરે તે સાચો ફકીર' છે. સાધુઓ ચિંતા નથી કરતા, ચિંતન કરે છે. ભૂત અને ભવિષ્યને નહીં કિન્તુ વર્તમાનને માણે છે. 'જે ઈશ્વરને સંભારે છે, ઈશ્વર તેને સંભાળે છે' એવો તેમને દૃઢ વિશ્વાસ છે. તપ અને ત્યાગ સંતોના ઉજળા પાસા છે. સંતો માયાનો માળો ક્યાંય બાંધતા નથી. તેમનું જીવન નિખાલસ અને નૈસર્ગિક હોય છે. સંતો અને બાળકો વર્તમાનને ઉજવે છે; બન્ને ઈશ્વરના સંદેશાવાહક છે. બન્ને આત્મતૃપ્ત હોય છે.

સાધુ ક્યારેય કોઈના દોષ જોતા નથી. તેઓ તો ગુણાનુરાગી હોય છે. ગરીબ-તવંગર, બાળક-વૃદ્ધ, ઊંચ-નીચની અસમાનતા તેમની દૃષ્ટિમાં છે જ નહીં. સંતો પારસમણિ છે. તે તો બધા જ પ્રકારના લોખંડને સુવર્ણ બનાવે છે. સંતો સૂપડાનો ગુણ ધરાવે છે–'सार सार को गहि रहै, थोथा देई उडाय.' ની શક્તિ ધરાવે છે. સંતો સમદર્શી છે.' નીર-ક્ષિર નો વિવેક તેઓમાં છે. તેઓ ખુદ અહંને પેલે પાર જીવે છે.

સંતો બીજાનાં દુઃખ જોઈને દુઃખી થાય છે. બીજાની વેદનાને પોતાની બનાવી લે છે. સ્વયંના બધા દુઃખો વિસરી જાય છે. અન્યના હિતકારક બને છે. કબીરે તેથી કહ્યું છે, 'कबीरा सोई पीर है' जो जाने पर पीर । સંતોની કરણી અને કહેણી દંભ અને દંશ વગરની હોય છે. સંતો તો ભાવની ભાષા જાણે છે. 'परहित सरीस धरम नहीं भाई । એ સંતોનો 'ધર્મ' હોય છે કર્મ થી પર રહી કર્મ કરે છે ફળની તો ક્યારેય અપેક્ષા રાખતા નથી.

સાધુઓનાં હૃદય કમળ સમાન કોમળ અને પત્થર સમાન કઠોર હોય છે. સંતો પાસે શબ્દની અને સ્પર્શની શક્તિ છે. શબ્દોમાં શ્રધ્ધાનો ટંકાર હોય છ. તેમના શબ્દોમાં સરળતા છે–પ્રવાહિતા અને નિર્મળતા હોય છે. સાધુનું સાનિધ્ય શીતળતા બક્ષે છે. ' एक घडी आधि घडी, आधिनी पुनि आध' ઘડી પણ અદ્ભુત હોય છે. સાધુઓ પાસે જીવનનો ઉકેલ હોય છે. તેઓને કાંઈ મુશ્કેલ નથી બધું જ સરળ છે.

સંતો સમાજનો પ્રાણવાયુ છે. સંતો અને વૃક્ષો પરાર્થે છે. સંતોની વાણીમાં ફળોની મીઠાશ છે, સાનિધ્યમાં શીત-



ળતા છે, સમર્પણની ભાવના છે. સંતો અને વૃક્ષો સ્થિતપ્રજ્ઞ છે. સંતો સર્વમાન્ય અને સામાન્ય છે.

'બાળકનો જન્મ એ ઇશ્વરનો મનુષ્ય પરનો વિશ્વાસ છે' જ્યારે સંતોનો જન્મ એ મનુષ્યનો ઇશ્વર પરનો વિશ્વાસ છે. જ્યાં જ્યાં ઇશ્વરનો વાસ છે ત્યાં સંતોનો આવાસ છે. સંતો સર્વત્ર વંદનીય છે. સંતો કોઇના આધિન કે આશ્રિત નથી તેઓ તો ઇશ્વરાધિન છે. ગુલામ કે બાદશાહ નથી કિન્તુ તેઓ નિજાનંદમાં રમમાણ રહે છે.

શાંતિ આપે તે સંત.

## ધ્યાન સાધના શિબિર

વડોદરા ખાતે તા. ૧૧-૫-૮૨ થી તા. ૧૭-૫-૮૨ સુધી ધ્યાન સાધના શિબિર યોગેશ્વર સત્સંગ મંડળ, તરફથી યોજવામાં આવી છે.

શિબિરનું સ્થળ ડી. એન. હોલ, પ્રતાપ ગંજ, વડોદરા ખાતે છે. શિબિરાર્થીઓનો ઉતારો યુનિવર્સિટી હોસ્ટેલ્સમાં છે.

ચાર થી સાત દિવસ સુધી શિબિરમાં જોડાવા માટે રૂા. ૬૦ અને ત્રણ કે તેથી ઓછો દિવસો માટે રૂા. ૩૦ છે.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી આ ધ્યાન સાધના શિબિરનું સંચાલન કરશે. તે ઉપરાંત પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની આધ્યાત્મિક અનુભૂતિઓ ને તેઓનાં સ્વરચિત ભાવભકિતથી ભરેલા સુંદર ભજનો વગેરેનો લાભ પણ શિબિરાર્થીઓને મળશે.

# સ્વધર્મ અને પરધર્મ

મણિભાઈ દવે

'સ્વ' અને 'પર'ની વચ્ચે ધર્મ અને અધર્મ વહેંચાયેલો છે. ગીતામાં શ્રી ભગવાન કહે છે કે "સ્વધર્મે નિધનં શ્રેયઃ પર ધર્મો ભયાવહઃ" એટલે કે સ્વધર્મે મૃત્યુ પણ આવકારદાયક છે. પરંતુ પર ધર્મ સેવવો તે ભયને આપનાર છે.

આ સ્વ અને પર તે શું તે સમજવાની જરૂર છે. સ્વ એટલે તમે–આત્મા–અને પર એટલે મન, ઈન્દ્રિયો, જગત વગેરે... સ્વ એટલે કેન્દ્ર, પર એટલે કેન્દ્ર બહારનો બધો પ્રદેશ. તેમાં મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર એટલે અંતઃકરણ, ઈન્દ્રિયો, દેહ વગેરેનો સમાવેશ થાય છે. તમે સ્વકેન્દ્રિત રહો તો તમે સદા ધર્મમાંજ રહો અને પરમાં આવો એટલે અધર્મ શરૂ થયો જાણવો; કારણકે તમારા સ્વરૂપ ઉપર આવરણ શરૂ થાય તે અધર્મ કહેવાય. તમારી ચેતના કેન્દ્રમાં એટલે આત્મસ્થ રહે ત્યાં સુધી તે સ્વપ્રકાશિત સ્થિતિમાં રહે પરંતુ જેવી તે મન અને ઇન્દ્રિયોમાં રસ લેતી થાય કે તુરત જ તેની આજુબાજુ અહંકારનું પડ બંધાવા માંડે. તેથી બધા ધર્મો એક જ દિશા તરફ તમારું ધ્યાન દોરે છે કે તમારી જાતમાં રહો, સ્વરૂપમાં રહો. પરમાં આવવાનું થાય તો પણ તમારૂં કેન્દ્ર છોડશો નહીં. પર તમારી લીલા ભૂમિ છે, પણ ત્યાં કાયમનો પડાવ કરશો નહીં. તે તમારો પડાવ ભલે બને પણ મંઝીલ તો તમારો સ્વ અગર આત્મા જ રહેવો જોઈએ.

સ્વ સાથે જેટલા શબ્દો ઉમેરાય તે કલ્યાણકારક સમજવા. સ્વરૂપ, સ્વચિંતન, સ્વાધ્યાય, સ્વસ્થ, સ્વાર્પણ, સ્વવિવેક–કારણ કે આ બધા આત્મા પ્રત્યેના વલણસૂચક શબ્દો છે.



તમે જેટલા તમારા પ્રત્યે વળો તેટલું તમારું અવશ્ય કલ્યાણ થાય. દા. ત. તમારા સ્વરૂપનો મુખ્ય ગુણ પ્રેમ છે. તમે પ્રેમ કર્યા વિના રહી શકો તે તમારા સ્વભાવની વિરુદ્ધ છે. તમને કાંતો પદાર્થો તરફ એટલે ધન, કીર્તિ, સત્તા, અગર પ્રાણી અને મનુષ્યો પ્રત્યે પ્રીતિ થાય છે. તમે જેના સંસર્ગમાં આવો અને વધારે વખત તેનો સહચાર સેવો એટલે પ્રીતિ અગર પસંદગી થવા માંડે. અને તે લાંબે ગાળે રાગમાં પરિણમે. રાગ એ જ પ્રેમનું પર પ્રત્યે સેવેલું વિકૃત સ્વરૂપ છે. તમે તમારા સ્વરૂપનો ગુણ બીજા સાથે જોડો એટલે તે તમારું બંધન બને, રાગ તમારું બંધન છે. કારણ કે તેણે તમને મોહમાં નાખ્યા. મોહમાંથી છૂટવું હોય તો શું કરવું જોઇએ? તમારે તમારા સ્વરૂપ તરફ વળવું જોઈએ. તેનું વધારે ચિંતન કરી સંસર્ગ સેવો તો તમારા મોહનું રૂપાંતર પ્રેમમાં થાય. પ્રેમ સદાય મુક્ત હોય છે. કારણ કે તે પર પ્રત્યે હોતો નથી–તે તો કોઇ પ્રકાશ, ફૂવારો, અગર પુષ્પની સુગંધ જેવો છે. તે પોતાની પ્રત્યેનો હોઇ બીજા સાથે અનુરાગ સેવનારો બનતો નથી. તમે જોશો તો પ્રકાશ આજુબાજુનો વિચાર કર્યા વિના પોતાની મસ્તીમાં જ પ્રકાશે છે. બીજાને લાભ મળે તે, જુદી વાત, પરંતુ તેનો હેતુ બીજાને પ્રકાશવાનો હોતો નથી. તેવી જ રીતે પુષ્પમાંથી સુગંધ પણ નૈસર્ગિક રીતે વહ્યા કરે છે. તેની પાસેથી કોણ પસાર થાય છે અને તેની સુગંધથી કોણ મુગ્ધ થાય છે તેની પુષ્પ દરકાર કરતું નથી–તેવી રીતે તમારા સ્વરૂપનો પ્રેમ પણ નૈસર્ગિક રીતે વહેતો રહેવો જોઈએ. તો તેની આજુબાજુ અહંકારનું પડ બંધાવાની શકયતા ન રહે. કારણ કે પ્રેમ જો તમારા સ્વપ્રત્યે જ રહે તો તે તમારી જાગૃતિની અવસ્થા છે. પર સાથેનો પ્રેમ મોહ બને, તે તમારા સ્વરૂપને ઘેનમાં નાખે.

આ તમારી ગફલતની અવસ્થામાં તમે તમારી સ્વતંત્રતા ગુમાવો છો અને અહંકારના કોચલામાં પકડાઓ છો. પછી તમારી ઘરેડ પર પ્રત્યેની વધતી જાય તો તે વધારે બંધન-કારક બનતી જાય. તેનું કારણ તમારો અહંકાર છે. જે પ્રાથમિક અવસ્થામાં ફક્ત ભ્રમ હતો અને હજુ પણ તે ઘેરો બનતો જાય છે. અને જ્યાં સુધી તમે સ્વરૂપ પ્રત્યે જાગો નહીં ત્યાં સુધી અનેક જન્મ મરણની ઘટમાળમાં અથડાયા કરો છો. તમે સ્વભાવમાં હો છો ત્યાં સુધી તમને કશી કામના હોતી નથી–પરંતુ તમે જ્યારે પરભાવમાં ચલિત થાઓ છો ત્યારે જ તમારામાં કામના અગર ઈચ્છાનો પ્રવેશ થાય છે. જ્યારે તમે કામનાવાળા થાઓ છો ત્યારે તમે હિંસક બનો છો, કારણ કે કામનાથી તમે તમારા સ્વરૂપની તૃપ્તિ ગુમાઓ છો. તમે કોઇ બીજા પ્રત્યે કામનાવાળા થાઓ છો ત્યારે તમે તમારા સ્વરૂપથી ખંડિત થાઓ છો. કામનાથી તમે જેની કામના કરો છો તેના પર તમારો કબજો મેળવવા પ્રયત્ન કરો છો. તેમાં અવરોધ ઉત્પન્ન થતાં તમને ક્રોધ પેદા થાય છે અને એ રીતે તમે હિંસક બનો છો. તમે કેન્દ્રમાં હો છો ત્યારે સ્થિર અગર અવિચલ હો છો. પરંતુ પરમાં જતા અસ્થિરતા અનુભવો છો. કેન્દ્રમાં તમારી શક્તિ કોઈ પ્રત્યે વહેતી નથી એટલે તમે શક્તિસંપન્ન રહો છો. પરંતુ જ્યારે બીજા પ્રત્યે તમારી શક્તિ વહે છે ત્યારે તમારી શક્તિ-નો વ્યય થાય છે. તમે તમારા સ્વરૂપમાં અદ્‌ભુત સ્વતંત્રતા અનુભવો છો. પરંતુ જ્યારે તમે પરભાવમાં જાઓ છો ત્યારે તમારી સ્વતંત્રતા તમે ગુમાવો છો–પરભાવ તમને બંધનમાં નાખે છે. કારણ કે તમે તમારી જાતને પરમાં દાખલ કરી નાની બનાવો છો. તમે સ્વમાં હો છો ત્યારે તમારી મધ્યમાં સ્થિતિ હોવાથી તમારામાં કામનાનો પરછાયો પેદા થતો



નથી. કામનાના પડછાયાથી તમારામાં અહંકાર પેદા થાય છે. અને તેજ સ્વરૂપનું બંધન બને છે. સ્વમાં તમે હોશમાં રહો છો પરંતુ પરમાં જવાથી તમે બેહોશી વહોરી લ્યો છો.

"સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ" – એમાં શ્રી ભગવાને ગીતામાં આ સ્વ તરફ જવાનો સંકેત કર્યો છે. સ્વમાં સદા ભગવાનનો વાસ રહયો છે. તમારા કેન્દ્રમાં ભગવાન પોતે જ છે એટલે બધા ધર્મો 'તું તારી જાતને ઓળખ' એવી સૂચના કરે છે. તમારી જાતના કેન્દ્રમાં તમે ભગવાન છો – પરના અભિનિવેશથી તમે જીવભાવ ધારણ કર્યો છે. અભિનિ-વેશ વગર અધ્યાસની તમને ભ્રાંતિ થઈ છે. તમે તો હાલ પણ તમારા કેન્દ્રમાં જ છો, અને કેન્દ્ર છોડવું શક્ય પણ નથી. કેન્દ્રમાં જે તત્ત્વ છે. તે ત્યાં રહીને દેહનો બધો વ્યવહાર વ્યવસ્થિત કરતું રહ્યું છે. નહિતર તમે જીવતા કેવી રીતે રહી શકો ? પરંતુ તમારું જીવવું સંવાદિત અગર શાંતિપૂર્વકનું નથી. કારણકે તમે પરભવમાં ઉતરી પડીને જીવો છો. ફક્ત તમારે સ્વભાવમાં રહીને જીવવું, એટલુંજ કામ કરવાનું છે. તમે ભાવ-ફેર જીવી રહયા છો– તમારે ભાવની આંખ ઉઘાડવાની છે. તમારે કોઈ ગતિ કરીને સ્વ મેળવવાનું નથી. સ્વ તો તમારું સ્વરૂપ છે. પરંતુ તમે પરમાં ઘણાં વખતથી અભાનતાની ભ્રાંતિ-માં પડયા છો. ત્યાંથી તમારે જાગવાનું છે. તમારી આંખ ઉઘાડો અને તમે ભ્રાંતિમાંથી મુક્ત થઈ જશો તો તમે કેન્દ્રમાં જ છો એવું તમને ભાન થશે સ્વરૂપ પ્રાપ્તિ તમારે કરવાની નથી. ફક્ત ગયેલું ભાન પાછું મેળવવાનું છે. અને જાગૃતિથી તમે એક વખત તમારા સ્વને જોઈ લેશો પછી તો તમારા સ્વરૂપનું સુખ એટલું અવિરત અને ગહન છે તે તમને સમજાશે કે પછી પરભવમાં જવાનું તમને કદી આકર્ષણ નહીં થાય.
૮ મે પરને એટલે મન અને ઈન્દ્રિયોને કરણ તરીકે વાપરશો

ખરા, પણ તેમની સાથે તદાકાર થવાની ભૂલમાં પડશો નહીં. તમે હવે તમારા સ્વમાં રહેવાથી તમારાં બધાં કરણોના સ્વામી તરીકે જીવશો તે તમારી જીવનમુક્ત સ્થિતિ તમને સદાને માટે સમ્રાટ જેવી હાલતમાં રાખશે. હવે તમે જગત તરફ નજર કરશો ત્યારે તમારી સ્વરૂપની જાગૃતિ તમને એક વિશેષ ભાન એવું કરાવશે કે વિધવિધ નામ અને રૂપનું ધારણ કરેલું આ વિશ્વ પણ તેની ભિતરમાં તો તમારૂં પોતાનું સ્વરૂપ જ છે. 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' રૂપે તમે જ વિલસી રહયા છો. ઉપનિષદનું તત્ત્વમસિ પદનું આ એક સાર્થક દર્શન છે.

ધર્મ કે જે સંપ્રદાય નહીં પરંતુ આધ્યાત્મિતા અગર સત્યની ખોજ કહેવામાં આવે છે, તે વ્યક્તિગત રીતે કરેલી વ્યકતની પોતાની સ્વવિવેકથી સ્વજાગૃતિની ઉપલબ્ધિ છે. ભૂતકાળમાં પણ આપણે જોઈશું તો જનક, શુકદેવ, શંકરાચાર્ય, કબીર, અખો અગર રમણ મહર્ષિ પોતાના સ્વવિવેકથી જાગ્યા હતા. તેઓ કોઈ સંપ્રદાય, ધાર્મિક વાડા અગર આશ્રમમાંથી પાકયા નથી. આ બધા પ્રાજ્ઞ પુરુષો મૌલિક ચિંતકો હતા. અને તેથી તેમનામાં સ્વવિવેક જાગૃત થયો અને તેમણે સત્ય પ્રાપ્ત કર્યું–દરેકની જીવનની પરિસ્થિતિઓ પણ અલગ અલગ હતી. જનક રાજા હતા ત્યારે શુકદેવ ત્યાગી હતા. કબીર ગૃહસ્થાશ્રમી અને અભણ. અખો વૈરાગી અને રમણ વેદાન્તના ચિંતક- તે પણ પોતાની આગવી રીતે. રમણ કાંઈ બહુ ભણેલા ન હતા–આ બધા પ્રાજ્ઞપુરુષોમાં પોતાના સ્વવિવેક સિવાય કાંઈ પણ સામ્ય હોય તેવું જણાતું નથી. આ ઉપરથી જણાય છે કે સત્ય એ સ્વચિંતનનો વિષય છે. પરંતુ અનુસરણ કે અનુકરણથી પ્રાપ્ત થતી સિદ્ધિ નથી–જીવનને ઉઘાડી આંખે જોનારામાં સ્વવિવેક જાગે છે. તમે કદી તમારા દેહ અને મનના વ્યાપાર તરફ નજર કરી છે? બધા અભાન



રીતે જીવન જીવી નાખતા હોય છે. પછી તેમાં મૌલિક ચિંતન અગર સ્વવિવેક કયાંથી આવે? આધ્યાત્મિકતા એ જીવનના રૂપાન્તર માટેની મનુષ્યની ખોજ છે. માનવદેહમાં વસતા પરમ તત્ત્વ સાથે એકરૂપ થઈ મહામાનવ બનવાની પ્રક્રિયા અગર કીમિયો છે.

ત્યારે આપણને એક પ્રશ્ન જરૂર ઉભો થશે કે સમાજનો મોટો ભાગ જેને ધાર્મિક જીવન માની તેનું આચરણ કરે છે તે શું? અને તેનાથી માનવ કલ્યાણની કેટલી સિદ્ધિ પ્રાપ્ત થાય છે? આપણે જેને ધર્મ માની આપણી જાતને કૃતાર્થ સમજીએ છીએ તે તો તે મૂળ પ્રાજ્ઞપુરુષોની પાછળ સર્જાયેલા સંપ્રદાયના ધર્મો છે. શ્રીકૃષ્ણ, ક્રાઈસ્ટ, મહંમદ, નાનક, શંકરાચાર્ય, સ્વામીનારાયણ વગેરે પૈકી પહેલા ત્રણ કે જેમને તેમના ધર્મના અનુયાયીઓ અવતાર અગર પયગંબર માને છે તેમણે તો પોતાનો સંપ્રદાય બનશે તેવી કલ્પના પણ નહીં કરી હોય. તેમણે તો પોતાના અવતરણમાં માનવકલ્યાણનો બીનસાંપ્રદાયિક બોધ કર્યો છે; કે જે સનાતન સત્ય સ્થાપવા માટે તેમનું આવવું થયું હતું. તેમના પછી શંકરાચાર્ય, માધવાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય અને સ્વામીનારાયણ પૈકી પ્રથમના પ્રાજ્ઞપુરુષે શ્રીમદ્ શંકરાચાર્ય વેદાન્ત, ગીતા, અને ઉપનિષદ્નો ધર્મ એટલે અદ્વૈતવાદની સ્થાપના કરી અને ત્યાર પછીના વલ્લભાચાર્યથી માંડીને જે આચાર્યોએ સત્યદર્શન કર્યું તે ભકિતની રાહે શ્રીકૃષ્ણને ઉપાસ્ય બનાવી તેમના જીવનમાં કરી બત.વી, માનવ સમાજમાં ભકિતની જાગૃતિ લાવવા તેમણે પ્રયાસ કર્યો છે. નાનકનો પણ ભકિતની રાહે સત્ય જાણવાનો રાહ છે. આ બધા પ્રાજ્ઞપુરુષોનો ઈરાદો સામુદાયિક ઉત્થાન માટેનો હતો. તેમણે ધર્મનું સમાજીકરણ કરવાની શુભ ભાવનાથી જે તેમના મત–પંથો

સ્થાપ્યા તેમાંથી જુદાજુદા સંપ્રદાયોના જન્મ થયા.

સંપ્રદાયનું બંધારણ કેવી રીતે થાય છે તે પણ વિચારવા જેવું છે. માનવમન સ્વતંત્ર ચિંતન કરી શકે તેવાં બહું જ આંગળીને વેઢે ગણાય તેવા વ્યકિતઓમાં હોય છે. બધા દેહો સરખા દેખાય છે પરંતુ દરેકના મનનાં બંધારણો જુદાંજુદાં હોય છે અને તે દરેકની અનુભવની કમાણીથી પેદા થયેલાં મન હોય છે–તમે મન તરફ લક્ષ ન આપ્યું હોય અને પશુની રીતે જીવતા રહ્યા હોવ તો પશુની માફક ટોળામાં રહેવાની ટેવવાળા આ જન્મમાં પણ બનો. આપણે સામાન્ય રીતે મોટાભાગના માણસોને બીજાના મત પ્રમાણે જીવતા જોઇએ છીએ. આ તેમની સુરક્ષિતતાની ટેવ તેમના મનનું પાંગળાપણું સૂચવે છે, કારણકે તેઓ અસુરક્ષિત રહેવા ટેવાયેલા નથી. મૌલિક ચિંતકો મનની અસુરક્ષિત હાલતમાં જીવવાની ટેવવાળા હોય છે. આવા મનવાળા ચિંતકો કોઈપણ પૂર્વગ્રહથી ગ્રસિત હોતા નથી અને તેમને અનુકરણ ગમતું નથી. વળી તેઓ માનસિક અસહાય દશામાં જીવતા હોવાથી તેમનામાં અહંકારનું આવરણ આછું બનતાં તેઓ સત્યને પામી શકે છે.

જેના વડે પરમ સત્ય સમજાય અને નિત્યસુખની પ્રાપ્તિ થાય તે ધર્મ.

મનનું બાહ્ય પ્રવૃત્તિમાં રમવું બંધ છે ને અંતરપ્રવૃત્તિમાં રહેવું તે મોક્ષ.



# સંતાકૂકડી

પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

આ વિરાટ વિશ્વમાં અગર વિશ્વદ્વારા વિશ્વપિતા જેમ પોતાની લીલા નિરંતર ખેલ્યા કરે છે તેમ તે મહાપિતાનાં બાળકો–આપણે સૌ–પણ રમત રમીએ છીએ. કારણ ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ॥ ગીતા ॥ તે રમત કઈ? તેનુ નામ શું?

આંખમિચોલી. સૌ બાળકોને વહાલી રમત સંતાકૂકડી.

સંતાકૂકડીમાં શું થાય છે તે સમજાવવાની આપણને જરૂર નથી. કારણ સંતાકૂકડીની રમતનો સ્વાદ ન ચાખ્યો હોય એવી કોઇક જ વ્યકિત હશે.

સંતાકૂકડીમાં એકને માથે દાવ હોય છે. તેના સિવાયના સૌ કોઈ રમતની શરૂઆતથી જ સંતાઈ જાય છે દાવ લેનાર કિશોરે સંતાયેલાને શોધીને અગુપ્ત એટલે કે પ્રકટ કરવાનો હોય છે. માત્ર શોધી કાઢવા પૂરતો પ્રકટ નહી પણ તેને પકડી પાડીને–સ્પર્શીને–પૂરેપૂરો પ્રકટ કરવાનો હોય છે. પ્રથમ તો તે ક્યાં છુપાયો છે તેની અટકળ કરી, અનુમાન, વિચાર, સંકલ્પ, બુદ્ધિ, સ્ફુરણ વગેરે પ્રાપ્ત કારણો–સાધનો દ્વારા નક્કી કરવાનું હોય છે, અને તે પછી તન્નિશ્ચયાનુસાર સાચી દિશામાં તેની શોધ માટે –શ્રદ્ધાપૂર્વક–પ્રવૃત્તિ કરવાની હોય છે. તેમ કરવામાં વારંવાર તે દિશા ભૂલે છે, અન્યત્ર ખેંચાઈ જાય છે, તેને નિષ્ફળતા મળતી જણાય છે, કદી કદી તેને માર્ગભ્રમ નડે છે તો ગુપ્ત રહેનાર બંધુ ઓળખ આપી તેને સવેળા સાવધાન કરે છે. તે (સંતાઇ રહેનાર) કદી વિશેષ વહાલ Good Grace

બતાવી એકાદ વાત્સલ્યભાવયુકત કદી પણ ઉચ્ચારે છે કે

"આટી લગે પાટી લગે
બોલ બેટા (ભાઇ) ટીલીલોલ, ટીલીલોલ"

સાથીદારના એ સ્વરને, સ્વરસંકેતની વિહિત દિશાને સાવધાનતા તથા કૌશલપૂર્વક ઓળખી શકવાની ક્ષમતાવાળો પેલો શોધક સત્વરે યોગ્ય દિશા પ્રતિ પગલાં ભરે છે. આખરે સતત પુરુષાર્થ–સાધનાને અંતે તે સૂચન–સાદ કરનાર સંતાવાનો દેખાવ કરનાર (મૂળ) પુરુષને પ્રકટ કરે છે, પકડી પાડે છે એટલે શોધાઈ–પકડાઇ જનાર તેને તાબે થયેલો ગણાય છે. ખોજ કરનાર આમ અપ્રકટ રહેનારનો પાર પામી ગયો અથવા તો તેને પહોંચી ગયો હોવાથી, હવે તેના ( પકડાઇ જનાર) ઉપર ફરજ આવી પડે છે. તે પેલાને તેના દાવબંધનમાંથી મુકિત આપે છે અને તેના બદલે પોતે દાવમાં બંધાય છે!

બરાબર એવી જ સીધી સાદી આપણી સંતાકૂકડીની રમત નથી...?

આપણે જીવાત્માઓ પ્રથમથી–જન્મથી–જ દાવ લેનારા છીએ. આપણી રમત સનાતન છે. રમતની શરૂઆતથી જ ઘટઘટમાં ચરાચરમાં સદા સર્વત્ર વ્યાપી રહેલા પરમાત્મા દાવ લેનારા જીવાત્માથી અપ્રકટ રીતે જાણે ગુપ્તવાસ સેવતા હોય એમ ભાસ થાય છે. ખરું જોતાં સંતાનાર બહુ દૂર નથી સંતાતો. તે તો આપણી દૃષ્ટિમર્યાદામાં આવી શકે એમ આપણી આસપાસ, અરે આપણામાં જ અંતર્હિત લપાઇ ગયો હોય છે. જ્યાં સુધી તે Dis-cover સાક્ષાત્કૃત–અનાવૃત્ત ન થાય ત્યાં સુધી તે દૂરાતિ દૂર જેવો ભાસે છે. તેથી ભગવતી શ્રુતિ ગાય છે કે :



तद्दूरे तदन्तिके ।

શ્રીમદ્ભગવદ્‌ગીતામાં જે ભગવાન मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः । કહે છે તે જ પોતે બીજી લીટીમાં વિરોધાભાસી વચન ઉચ્ચારે છે કે न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ॥ ૯–૪–૫ ॥ આમ અવ્યકત હોવા છતાં તે વ્યકત તથા વ્યકતમાં અવ્યકત જેવો રહે છે.

"ડહીનો ઘોડો પાણી પીતો રમતો જમતો છૂટ–મૂક." આમ બોલી આંખો દાબનાર છોકરાની પીઠ પાછળ જ–તદ્દન પાસે–તે ઘણીવાર બેસી ગયેલો હોય છે; પણ પેલો વિમુખ અસાવધ રહેવાથી તેને ભાળી શકતો નથી.

ઉપનિષદ્ આ રહસ્ય સુંદર રીતે સમજાવતાં કહે છે :

द्वा सुपर्णा सयुजा समानं वृक्षं परिषस्वजाते ॥

એક જ ઝાડ પર માળામાં બે પક્ષીઓ–સમાનગુણધર્મી પંખીઓ બેઠાં હોય છે. એક પંખી જીવાત્મા બીજા પંખી પરમાત્માથી વિમુખ બનીને બેઠા છે. તે જ્યાં સુધી સન્મુખ ન થાય ત્યાં સુધી બંનેને અને પોતાના સાચા સ્વરૂપને ક્યાંથી પિછાની કે પામી શકે?...વગેરે.

આપણે જીવાત્માએ તેની ખોજ કરવાની છે. આપણા માથે દાવ છે. ભવદાવ છે. એટલે આપણને ફરજિયાત ખોજ કરવી જ પડે છે, મોડી કે વહેલી. એ સત્યની–અપ્રકટ પરમ સત્યના સાક્ષાત્કારની સંશોધ આપણા શિર ઉપર ધર્મ રૂપે આવી રહે છે. એ આપણું પ્રાપ્તવ્ય–કર્તવ્ય બની રહે છે. આ ધર્મપાલન દ્વારા જેટલી વહેલી શોધ થાય તેટલી વહેલી દાવમુકિત–પૂર્વજન્મોના સંસ્કાર, પ્રાપ્ત અનુકૂળ પરિવેષ્ટનો કે પુણ્યના બળથી ખોજ કરવાના પ્રયત્નની દિશા જો પ્રારંભથી જ સાચી પકડાઇ હોય તો તે અપ્રકટ જણાતા પરમાત્મ-

તત્ત્વને સરળતા, સત્વરતા અને સહજતાથી પામી શકવાની સંભાવના રહે છે.

પરંતુ આપણે અજ્ઞાત દશામાં અટવાતાં હોઈએ, અંતરાભિમુખ બનવાને બદલે બહિર્મુખ બનીને વિપરીત દિશામાં જ વહી જતાં હોઈએ–ભૂલતાં હોઈએ, છતાં આપણી પ્રયત્ન–સાધના ચાલુ હોય, પ્રચ્છન્ન આદિ–અંશને પકડી–પામીને પ્રકટ કરવાની આપણી આરજૂ અને અભીપ્સા તીવ્ર અને સન્નિષ્ઠ હોય તો..આપણને કાંઈક માર્ગદર્શન ઉપલબ્ધ થાય તે માટે સૂચન કરવા અંતર્હિત આત્મા કોઈ કોઈવાર અદૃશ્ય રહીને પોતાનો અવાજ આપે છે, કદી શાસ્ત્ર કે સત્સમાગમાદિ દ્વારા પરોક્ષ સંકેત કરે છે, કદી અંતઃસ્ફૂરણા કે પ્રેરણા (intuition and inspiration)દ્વારા તે આપણને અમૂલ્ય માર્ગદર્શન પુરુ પાડે છે, કદી દૃષ્ટાંત કે ઈંગિત (symbols and precepts) વડે સત્યપ્રકાશ નાખે છે, તો કદી શ્રીકૃષ્ણાર્જુનગીતા પેઠે તે ધીરગંભીર વાણીથી આવાહન પણ કરે છે. કે કદી સદ્ગુરુ, સંતો, વીર પ્રાજ્ઞ પુરુષો દ્વારા આપણને પડકાર કરે છે. એ સંકેતને સમજવાની, પ્રેરણાબોલને પારખવાની, આવાહનને આવકારી ઝીલી લેવાની આપણી આતુરતા તીવ્ર અને તીક્ષ્ણ જોઈએ, અને પૂર્વતૈયારી પણ જોઇએ. સમ્યક્દિશા ગ્રહણ કરવાની તમન્ના અણુએ અણુમાં અને પળેપળમાં પ્રસરી રહેલી હોવી જોઈએ. આપણી તમન્ના અને ઊર્મિની ઉત્કટતાના પ્રમાણમાં આપણી જિજ્ઞાસા અને ભાવના જ્ઞાન તથા ભક્તિના રસને ધારણ કરી શકે છે. જો આપણે તે માટે પૂરતાં સાવધ અને જાગૃત હોઇએ, ધ્યેયાભિમુખ રહેવા પૂરતા તત્પર હોઇએ તો આપણા માટે સૂચન–સાદ કે કેવળ અંગુલિનિર્દેશ જ બસ છે. આપણા અધિકાર અનુસાર આપણને પ્રાપ્ત થનાર અવાજનો આકાર હોય છે.



આપણી અવિદ્યાગત ત્રુટિઓ જ આપણને સત્ય સંકેત–રહસ્યથી દીર્ઘકાળ (અનેક જન્મો) પર્યંત વંચિત રાખે છે.

આત્મ અવાજને ઓળખતાં પરમાત્મા–પોકારના "એ .... હું અહીં છું...આ બાજુ મને શોધી કાઢ...વત્સ, આત્મજ પાર્થ, શિષ્ય !..." એ પડકારને પિછાનતાં આપણે વિહિત દિશા–પંથને જ જલદીથી પકડી શકીએ, અને આડાઅવળા (અખો કહે છે તેમ 'વેષ ટેક તે આડી ગલી')વિઘ્ન કે વિલંબને વરનાર માયિક પ્રલોભનપૂર્ણ કંટક–કાંટાઓથી ઉગરી જઈએ. અંતે આદિઅંશની આપણા આત્મતત્ત્વની ભેટ થતાં તે આપણને આપણા વારામાંથી–ભવદાવમાંથી, દાવઅંગેની તમામ જવાબદારીઓથી મુક્ત કરે છે. કારણ આપણો શેષ રહેલો સઘળો ભાર એણે પોતે વહેવાની પ્રતિજ્ઞા કરી છે કે योग क्षेमं वहाम्यहम ।

આમ વિશ્વપ્રપંચમાં પ્રત્યેક જીવાત્મા અને પરમાત્માની આંખમિંચોલીની રમત बिम्ब–प्रतिबिम्ब ન્યાયથી સતત ચાલ્યા જ કરતી હોય છે. સ્વધર્મકર્મગુણથી યુક્ત ભાવદાવથી મુક્તિ મેળવવાનાં સ્વાતંત્ર્યનાં સાચા સાધનોને જાણનાર જ્ઞાનીઓ, અને તદનુરૂપ થનાર અનુભવી ચારિત્ર્યસંપન્ન સંતો, ભક્તો, યોગીઓ કે ઉચ્ચ સાધકો શીઘ્રતાથી–એક અથવા થોડાક જ જન્મોમાં દાવમુક્ત થતા હોય છે. એવા ઉચ્ચ અધિકારીઓ સ્વરૂપાનુસંધાનને પામતા જલદીથી જ્ઞેય-ધ્યેયોપાસ્યથી અદ્વૈતસિદ્ધિને અનુભવે છે; જ્યારે મંદાધિકારી કે સ્વલ્પ સાધનોથી સજ્જ કે સાધનવિહીન પામર દશાના જીવોને बहूनां जन्मनामन्ते સુદીર્ઘકાળ પર્યંતં પ્રચંડ પુરુષાર્થ સાધનાનો સમય સહેવો પડે છે.

આપણે પણ આપણી દિશાને, દિવ્યાંસના સાંકેતિક સાદની

દિશાના પંથને જલદીથી ઓળખવા અને અનુસરવા ભાગ્યશાળી બનીએ. સદ્ગુરુજનો અને સંતો, શિષ્ટ પુરુષો, શાસ્ત્રો અને અનુભવી મનીષીઓના મહામંત્રો–સંકેતસ્વરોને સાવધાની સાંભળીએ :

एकमेवा द्वितियं ब्रह्म। अहं ब्रह्मास्मि। तत्त्वमसि। सोऽहम्।
उद्धरेदात्मनाऽत्मानम्। आत्मानं विद्धि। उतिष्ठत जाग्रत।
ईशावास्यमिदं सर्वम्। मामनुस्मर। ॐ तत सत।

Thy will be done.
KNOW THYSELF.

પ્રશ્ન. મન શાન્ત કેમ નથી રહેતુ ?

ઉ:– એતો મનનો સ્વભાવ છે માટે વારંવાર વિવેક કરવો. પોતાને અનુકૂળ હોય તેમાંજ મન રમે છે. તેને બધું સારૂં-સારૂં જ જોઈએ છે. તેથી જ નિત્ય શું છે, અનિત્ય શું છે, અનુકૂળ શું છે, પ્રતિકૂળ શું છે, તેનો વિચાર કરતા રહેવું. મન ઉપર તપસ્યા કામ નથી કરતી. સુવિચારજ કામ કરે છે.



## સતી ઉર્મિલા

આજ્ઞા પિતાની મુજ રામ માટે,
જાવાનું એને વનની કુવાટે,
રક્ષા કરીશું કરી ચોકી એની,
જવાનું તેથી મુજ સાથ તેની;

રે'વાનું તારે મુજ માત સાથે,
સેવા હવે છે તવ સર્વ માથે,
આજ્ઞા પતિની સુણી ઉર્મિલાએ,
આઘાત લાગ્યો નિજ ઉર માંહે,

આંસુભરી આંખ જરી ન ખોલી,
કે'ઉર્મિલા ન નિજ બોલ બોલી;
આજ્ઞા હતી ના કંઇ આ પિતાને,
આજ્ઞા પિતાની હતી રામજીને;

વર્ષો વિતાડ્યાં સતી ઉર્મિલાએ,
વેઠ્યો વિયોગ રહી મ્હેલમાંયે,
મોટો હતો ત્યાગ સતી સીતાનો,

તેથી ય મોટો ગણું ઉર્મિલાનો;
કોઈ સ્મરે ના સતી ઉર્મિલાને
સીતા સતી એકજ સર્વ જાણે.

પ્રા. પન્નાલાલ કાજી

( પાનાં ૨૪ નું અનુસંધાન )

વાદળોનું ભવ્યોદાત્ત મૃદંગ ગર્જન, સરિતાઓનું સંગીત, ઝરણાનો કલકલ નિનાદ, વાયુલહરીઓ ચિત્રવિચિત્ર માધ્યમોમાંથી પસાર થતાં ઉપજતું અનેક રાગરાગિણીઓવાળું સંગીત અને જુદાંજુદાં પંખીઓના મધુરગાન તથા સર્જનશ્રેષ્ઠ માનવીના-સ્ત્રીના કોમળ કિન્નરી કંઠમાંથી ને પુરુષના ઘેરા તારસ્વરી કંઠમાંથી નીકળતાં આલાપમિશ્રિત રાગરાગિણીઓ. અરે માનવદેહની મુખહસ્તપાદાદિની વૈવિધ્યસભર ભાવમુદ્રાઓ, ભાવભંગીઓ વગેરે મનને, ચિત્તને, અંતઃકરણને પ્રસન્નતા અર્પી આત્માને પરમાનન્દ સ્વરૂપ પરમાત્માની નજદીક લઈ જાય છે. तद्दूरे છે તેને तद्वन्तिके લઈ જાય છે. રસસાગરમાં એને પ્લાવિત કરી નાંખે છે. रसो वै सः એવા પરબ્રહ્મ પરમાત્માનું દર્શન કરાવનાર ભક્તિરસમાં જાણે કે બધી કળાકારીગરીઓ પર્યાયસાન પામે છે. શાન્તરસસાગરની છોળો અંતે સર્વત્ર હેલારા મારે છે. આ સંસારની પરિસીમાઓ કલાપરિષ્કૃત અંતઃકરણથી માનવબળ ઓળંગી જઈને નિર્વાણદશાનું પરિશીલન પામે છે. પરિણામે આત્મા रसो वै सःનું સ્વરૂપ બની જાય છે. रसो वै सः तुभ्यम् नमोनमः । કરીને પરમાત્માના અંશરૂપ એ જ આત્મા કે જે વાસ્તવમાં संगीतावाक्नुं ઉદ્ભવસ્થાન છે તેને પણ नमोनमः કરીને વિરમીએ.

(સમાપ્ત)

ધ્યાન અભ્યાસરૂપ છે, ને સમાધિ ફળરૂપ છે આત્મસ્થિતિમાં સમ થઈ જવું, વિકારરહિત બનવું એનું નામ સમાધિ. યોગશાસ્ત્રમાં સમાધિ તે વેદાંતમાં તુર્યાવસ્થા.



# સંતના શબ્દો ફળેજ

—નારાયણ હ. જાની

૧૯૭૫ના માર્ચની આ વાત છે.

હું તે વખતે સરકારી નોકરીમાં ચાલુ હતો, હું ૧૯૭૭-ના ડીસેમ્બરમાં નિવૃત્ત થયો.

જરૂરી હિસાબી કામ માટે માર્ચની ૨૬-૨૭ તારીખે મને ગાંધીનગર બોલાવવામાં આવેલ. એટલે હિસાબનાં બીલો સાથે ગાંધીનગર પહોંચ્યો. બે દિવસમાં જરૂરી કામ પત્યું ને ૨૮-મીની સાંજે હું કામ પતાવી બસમાં ગાંધીનગરથી અમદાવાદ આવ્યો. સાંજના સાડાપાંચ વાગ્યા હશે. તે પછી બે દિવસની રજા આવતી હતી એટલે મનમાં થયાં કરતું "લાવને, નડિયાદ પહોંચી જાઉં." તે દિવસોમાં પૂ.શ્રી. યોગેશ્વરજી નડિયાદમાં સંતરામ મંદિરમાં વિરાજતા હતા.

મારી બસ અમદાવાદ બસ સ્ટેશને આવી કે હું નીચે ઉતરી ગયો. હજી તો નડિયાદ જવાનો પાકો નિર્ણય કર્યો ન હતો. ત્યાં તો દરવાજા આગળ ડાકોર જતી બસ ટ્રાફિકના ભરાવાને લીધે અટકી ગયેલી જોઈ. મેં એકદમ નિર્ણય કરી લીધો ને બસનું બારણું ઠોક્યું. કંડકટરે તે ઉઘાડ્યું. બસમાં ત્રણચાર સીટો ખાલી હતી. એટલે શાન્તિથી બેસી ગયો.

લગભગ સાતેક વાગે નડિયાદ પહોંચ્યો.

પૂ.શ્રી.નું પ્રવચન પુરું થઈ ગયું હતું. તે પછી ઉતારા ઉપર પહોંચ્યો. મને જોઈ પૂછ્યું. "ક્યાંથી અચાનક આવી ગયા ? મેં બધી વાત કરી. એટલે તેઓશ્રીએ મારા ઉતારા અંગેની વ્યવસ્થા કરવા એક ભાઈને સૂચના આપી. પછી જમ્યા પછી મળવા આવવા કહ્યું.

નડિયાદના સંતરામ મંદિરના અતિથિ આવાસના નીચેના ભાગમાંજ મને ઉતારો આપવામાં આવ્યો. પૂ.શ્રી. યોગેશ્વરજીનો ઉતારો એજ મકાનના પહેલા માળ ઉપર હતો.

ભોજન પછી રાતે મળ્યા. પૂ.શ્રીએ ઘરનાં બધાંની ખબર પૂછી ને સાધન-ભજન અંગે થોડી વાતો કરી.

બીજો દિવસ પણ તેઓશ્રીના સાનિધ્યમાં ખૂબ આનંદમાં પસાર થઇ ગયો. હવે ત્રીજા દિવસે મારે નીકળવાનું હતું. એટલે સવારે ઊઠી સ્નાન-ધ્યાન વગેરે પતાવ્યું. ત્યાં ભોજન માટે બોલાવવા આવ્યા એટલે મેં જમી લીધું. જમીને પાછો આવ્યો ત્યારે પૂ. શ્રી. હજુ લખતા હતા. પ્રણામ કરી સામે જઇને બેઠો.

લખાણ પૂરૂં થતાં તેઓશ્રીએ પૂછ્યું, "કેમ આજે જવું છે? મેં કહ્યું "આજે જવું પડે. કારણ કે કેટલુંક માર્ચ એન્ડીંગનું કામ બાકી છે."

'તમે જમી લીધું?' મેં કહ્યું 'હા'

"અત્યારે સાડા અગિયાર થવા આવ્યા છે–ઘડિયાળ જોઇ તેઓએ કહ્યું. "નીકળવુંજ હોય તો હમણાંજ નીકળો. સારૂં રહેશે. સરળતાથી પહોંચી જવાશે."

મેં કહ્યું, 'ભલે, તો હું હમણાંજ નીકળું. સામાન તૈયાર જ છે." બોલી મેં પ્રણામ કર્યા. તેઓએ પ્રસન્નતાપૂર્વક વિદાય આપતાં એક ફુલ હાથમાં આપ્યું. નાનું સરખું ગુલાબનું ફુલ! હૃદયના કેટલા બધા શુભ ને શુધ્ધ સંકલ્પોથી ભરેલું! મેં તે લઇ આંખે અડાડી, સાચવીને બુશકોટના ઉપરના ગજવામાં મૂક્યું ને ફરી પ્રણામ કરી પૂ. શ્રીની વિદાય લીધી.

બસ સ્ટેન્ડે પહોંચ્યો ત્યારે ૧૧-૪૫ થઈ હતી. વિચાર્યું બસોનું ટાઈમ ટેબલ જોઈ લઉં. કોઇ ભાવનગરની સીધી બસ મળે તો સારૂં. બસોની બદલાબદલી ન કરવી પડે. પરંતુ



એવી કોઇ સીધી બસ તે વખતે ન હતી.

ભાવનગરની એક સીધી સવારે ૭ વાગે સુરતથી આવતી. તે જતી. એટલે મેં અમદાવાદ થઇ ભાવનગર જવા વિચાર્યું ને હું બસ આવવાની રાહ જોવા માંડ્યો.

ત્યાં બેત્રણ મિનિટમાં જ કોઇએ બૂમ પાડી ભાવનગરની બસ આવી! હું એકદમ ચમક્યો. ટાઇમટેબલમાં મારી કાંઇ જોવાની તો ભૂલ નથી થઇને. એટલે એક ઉડતી નજર ફેરવી ભાવનગરની બસ આવવાના પ્લેટફોર્મ ઉપર ગયો. ને ત્યાં જોયું તો ભાવનગરની જ બસ ઊભી હતી. બસ તદ્દન ખાલી હતી. માત્ર આઠ દસ પેસેન્જરો બેઠેલા હતા. એટલે મેં બહાર ઉભેલ કંડકટરને પૂછ્યું "ભાઈ આ ભાવનગરનીજ બસ છે?" એણે કહ્યું 'હા' મેં મારી શંકા દર્શાવતાં સામું પૂછ્યું "ટાઇમ ટેબલમાં તો અત્યારે આવી કોઇ બસ નથી."

તેણે હસીને કહ્યું, 'સાહેબ આ તો સવારે ૭-૦૦ વાગે જે બસ સુરતથી આવે છે. તે છે. ફક્ત પાંચ કલાક જ લેટ છે,'

આ સાંભળી મને આશ્ચર્ય થયું! હું તુરત બસમાં બેસી ગયો. બેસતાં બેસતાં મને પૂ.શ્રીના પેલા શબ્દો યાદ આવ્યા, "જવું જ હોય તો હમણાંજ નીકળો. સારૂં રહેશે. સરળતાથી પહોંચી જવાશે"

ને ખરેખર આખે રસ્તે આરામ કરતો કરતો જ હું સાડાચારથી પાંચ કલાકમાં ભાવનગર પહોંચી ગયો. પ્રતીતિ થઇ કે સંતના શબ્દો ફળેજ.

ઉપરના પ્રસંગ જેવોજ પ્રસંગ અમદાવાદની ધ્યાન સાધના શિબિરમાંથી ૨૨, મે, ૧૯૮૧ના રોજ બન્યો.

અગાઉ સૂચના આપ્યા પ્રમાણે શિબિર તા-૨૧.મે ૧૯૮૧ના રોજ સાંજે પૂરી થવાની હતી. એટલે મેં મારા

માટે તેમજ મારાં પત્ની પુત્ર વગેરે માટે તા.૨૧-૫ની સાંજની એસ. ટી. ની રીઝરવેશન ટિકિટો મંગાવી રાખેલ, પરંતુ બન્યું એવું કે તા. ૨૧/૫ની સવારની બેઠક પછી, પૂ.શ્રીએ કહ્યું" "શિબિરના સાત દિવસ પૂરા કરીને જાઓ. રાતનું પ્રવચન થયા પછીજ શિબિર પૂરી થયેલી ગણાય."

એટલે તા. ૨૧/૫ની સાંજે જવાનો કાર્યક્રમ સ્વાભાવિક રીતેજ રદ થઈ ગયો. આથી રાતનું પ્રવચન પૂરું થયા બાદ હું પાછો તેઓશ્રીને મળ્યો. તેઓએ કહ્યું, "કાલે ૧૨-૦૦ વાગ્યા પછી ઉતારે મળાશે. ત્યાં આવજો."

બસ. એ શબ્દો સાંભળી તા. ૨૨/૫ ના રોજ સવારે જવાનું પણ બંધ રાખવું પડ્યું; કારણ કે ઉતારા ઉપર બપોરે બાર વાગે મળવાનું હતું. એટલે આમેય શિબિરના સ્થળ ઉપરજ રાતે રોકાયા. શિબિરની સાત રાત્રીઓ આમેય પૂરી કરવાની હતી ને!

જમ્યા પછી પૂ.શ્રી.ના ઉતારે પહોંચી ગયા. શિબિરમાં ભાગ લેવા આવેલ ઘણાં ભાઈબહેનો દર્શન કરવા ને મળવા આવ્યા હતાં. અમે પણ જઈને બેઠાં.

પૂ.મા શ્રી સર્વેશ્વરી હતાં. પૂ. શ્રી. શ્રી.અંબાલાલભાઈ સાથે વાતચીત કરી રહ્યા હતા.

બીજા બધાઓ જ્યારે વિદાય થયા, ત્યારે પૂ.શ્રી.એ માસિક અંગે થોડી સૂચનાઓ આપી. થોડાં કાવ્યો આપ્યાં જેની મે ત્યાં બેસી નકલ કરી લીધી.

પૂ.મા પણ તે દિવસે શ્રી. જીતુભાઇ ગાંધીના પિતાજીની ખબર કાઢવા વડોદરા જઇ રહ્યા હતાં. તેઓને રાતે પાછા આવવાનું હતું. એટલે પૂ.શ્રીએ જલદીથી જવા સૂચના આપી.

છેવટે હું અને મારા પત્ની બન્ને પૂ-શ્રી પાસે બેઠેલાં હતાં. ઘડિયાળમાં દોઢ થઇ ગયો હતો. એ પછી એમના આરામનો



અને બીજા અગત્યનાં કામોનો સમય શરૂ થતો હતો. એટલે મને થયું "ઉઠવું જોઇએ આપણે જેટલું વધુ બેસીસું, એટલો કાપ તો છેવટે પૂ. શ્રીના આરામ ઉપરજ આવશે." આમ છતાં પૂ.શ્રીને કોઈ ઉતાવળ ન લાગી. તેઓ ખૂબ શાન્તિથી અમારી સાથે વાતો કરતા રહ્યા. ખૂબ આંત્મીયતાપૂર્ણ એ વાતો અંતરને આરામ આપનારી હતી. એકેએક ક્ષણ આનંદ સભર લાગતી ને તેની જીવંતતાનો અનુભવ થતો.

આમ એક કલાક વહી ગયો. કેટલી સાહજીક આત્મીયતા ભર્યો એ કલાક હતો! હવે ઘડિયાળમાં અઢી થયા હતા, અમે કહ્યું. "હવે આપ આરામ કરો. અઢી થયા છે. વળી પૂ. મા પણ નથી. એટલે આપને જ જાતે આપનું બધું કામ કરવાનું રહેશે."

તેઓશ્રીએ કહ્યું, "વાંધો નહિ. હું મારૂં કામ મારી જાતે કરવા વર્ષોથી ટેવાયેલો છું. મા છે તે સારૂં છે. તેઓ મારૂં ધ્યાન રાખે છે. મારી નાનામાં નાની જરૂરિયાતનો પણ તેઓ સતત ખ્યાલ રાખે છે. એમનો સમર્પણભાવ પણ ખૂબ અપૂર્વ છે. તે સિવાય દુનિયામાં કોણ આવું કરી શકે? પછી જરા અટકી કહ્યું, "ચાલો ત્યારે હવે હું થોડો આડો પડું. મારે થોડા જપ પણ કરવાના છે."

અમે પ્રણામ કરી ઉભા થયા. એટલે તેઓ પણ ઉઠ્યા. બારણા સુધી વળાવવા આવ્યા. અમે ફરી પ્રણામ કર્યા. તેઓએ અમારે વાંસે ખૂબ પ્રેમપૂર્વક હાથ મૂકયો ને એ અમૃતમય સ્પર્શનો અનુભવ કરાવ્યો. એ સ્પર્શમાં કેવો ઉત્કટ આત્મીયતા-નો ભાવ હતો! એમની એ વખતની અમીભરી દૃષ્ટિ ને સાહજીક લાગણીપૂર્ણ સ્પર્શ—અમને ધન્યતાનો અનુભવ કરાવી ગયા.

પછી તેઓએ પૂછયું, "હવે કયી બસમાં જશો?" મેં કહ્યું. નક્કી નથી પરંતુ ભાવનગર જતી જે બસમાં જગા મળશે,

તેમાં જઇશું."

એમણે એક મિનિટ પછી કહ્યું "ચારની બસમાંજ જજો. સારૂં રહેશે. તકલીફ વગર પહોંચી જવાશે."

મેં કહ્યું, "સારૂં. એમજ કરીશું." એમ કહી ફરી વંદન કરી અમે દાદરના પગથિયાં ઉતર્યાં. છેક સુધી ઉતરી રહ્યા ત્યાંસુધી તેઓ ત્યાં ઊભા રહ્યા ને છેલ્લે હાથ ઊંચો કરી, વિદાય આપી એ ઊંચા થયેલ હાથમાં વિદાયની સાથે આશીર્વાદનો ભાવ પણ હતો જ.

થોડો સમય નીચે રોકાઇ, અમે એસ. ટી. સ્ટેન્ડે પહોંચ્યા તો બપોરના ૩-૨૦ થયેલ હતી. ૩-૪૫ની બસમાં બેસવા પ્રયત્ન કર્યો પણ એમાં જગા ન મળી. એટલે ઉતરી ગયા.

હવે અમારે માટે ૪-૦૦ની બસ હતી. તે બસ હજુ આવી ન હતી એટલે મેં મારા પુત્ર અજયને સૂચના આપી કે જે દરવાજેથી બસ આવે છે, ત્યાં ઊભો રહે તો ખબર પડશે.

તે બસને આવવાના દરવાજા નજીક ઊભો હતો. ઘણી બધી બસો આવતી હતી. તેમાં કેટલીક ઉપર બોર્ડ હતાં-તો કેટલીક પર બોર્ડ ન હતાં. એટલે તે ક્યાં જવાની છે, તે ખબર કેમ પડે?

પરંતુ બન્યું એવું કે એક બસ ઉપર બોર્ડ ન હતું. તે બસ દરવાજા આગળ-આવીને ઊભી. તેજ ભાવનગર જવાની હતી. પણ ખબર પડે તેમ ન હતું. ત્યાં બાજુમાં એક ભાઈ ઊભા હતા, તેમની સાથે ત્રણ બહેનો હતી. તેઓને પણ ભાવનગર જવાનું હતું. તે ભાઈ એસ. ટી.ના કર્મચારી હતા એટલે એમણે ડ્રાઈવરને પૂછ્યું તો ખબર પડી કે તે ભાવનગરનીજ બસ હતી. આથી તેમનું કુટુમ્બ દરવાજો ઉઘાડી



અંદર બેસી ગયું. તેમની સાથે મારો પુત્ર પણ બેસી ગયો. અમને એણે સંદેશો મોકલાવ્યો એટલે અમેય સામાન લઇને બેસી ગયા. થયું કે ખૂબ નિરાંત થઇ. પરંતુ ત્યાં તો કંડકટર આવ્યો. એણે અમને ઉતરી જવા કહ્યું. એટલે અમે તો સામાન અંદર રહેવા દઈ નીચે ઉતરી ગયા. પરંતુ મારાં પત્નીને એમણે બેસવા દીધાં. જોકે અમોએ જે જગા રોકેલી તે એકદમ પાછળની સીટો હતી, કારણકે બસમાં ઘણી બધી સીટો રીઝર્વ હતી. આમ છતાં બેસવા તો મળશે, એમ અમે માનેલું.

પરંતુ બસ જ્યારે સ્ટેન્ડ ઉપર મૂકાણી ત્યારે મુસાફરોનો ભારે ધસારો થયો. અમે માંડમાંડ ચડી શક્યા. પણ અંદર બેઠા કે પેલા એસ. ટી. કર્મચારીભાઈનું જે કુટુમ્બ બેઠેલું હતું, તેણે અમને બોલાવી પોતાની જગા આપી દીધી, અને તેઓ નીચે ઉતરી ગયાં. મને નવાઇ લાગી. મે પૂછ્યું, કેમ, આપને નથી આવવાનું?" તેઓએ કહ્યું, "અમે આ પછીની બસમાં જઈશું. તમને હવે જગા મળી ગઇને, સારૂં થયું."

મે તેમનો આભાર માન્યો. પરંતુ તેઓ તો કંઈ સાંભળ્યા વગરજ નીચે ઉતરી ગયાં; ને ભીડમાં જનમેદનીમાં ભળી ગયા! જાણે કે એસ.ટી. કર્મચારીનું કુટુમ્બ અમારે માટેજ ન આવ્યું હોય?

મને થયું, "પ્રભુ તું કેવો દયાળુ છે? તે કેવી અદ્‌ભૂત વ્યવસ્થા કરાવી દીધી" મને પૂજ્યશ્રીના શબ્દો તરતજ યાદ આવ્યા. "ચારની બસમાંજ જજો. સારૂં રહેશે. તકલીફ વગર પહોંચી જવાશે" ત્યા તો બસ ઉપડી ને અમે ખૂબ આરામથી ભાવનગર આવી પહોંચ્યાં.

સંતના શબ્દોમાં પણ કેવું અજબ સામાર્થ્ય હોય છે! એવા ઘણા અનુભવોમાં એકનો ઉમેરો થયો.

## નંદદુલારા

મારી સાથ સદાયે રહેજો રે, નંદદુલારા

દુનિયાની મુકી માયા,
મેં શોધી તમારી છાયા,
તમને જ સમર્પી કાયા રે—નંદદુલારા

તમે કરી કસોટી ભારી
સ્વિકારી અરજી મારી
અંતે લીધી મને તારી રે...નંદદુલારા

મને મુકી ક્યાંયે ના જાશો
નિત પ્રેમ પિયાલા પાજો
જન્માતંર સાથી થાજો રે...નંદદુલારા

વર્ષા કરુણાની કરજો
આનંદ અલૌકિક ધરજો
સંતાપ બધાયે હરજો રે...નંદદુલારા

સર્વેશ્વરી



# પ્રકાશના પંથે

યોગેશ્વરજી
સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

### દશરથાચલપર

ધર્મશાળામાંથી મુક્ત કરીને ઈશ્વરે મારા પર ખરેખર કૃપા કરી. મારા રાજીનામાનો ઉત્તર આવી ગયો. ટ્રસ્ટીઓની મંજૂરી મળી ગઈ.

ચંપકભાઈના પ્રત્યુત્તરની હું પ્રતીક્ષા કરતો હતો ત્યાં તો ચંપકભાઈ પોતે જ આવી પહોંચ્યા. તેમનો પ્રેમ અજબ હતો. એ વિના આટલે દૂરથી કષ્ટ વેઠીને મને મળવા માટે કોણ આવે ? મેં તેમને બધી ઘટનાઓથી માહિતગાર કર્યા. બધું સાંભળીને તે રાજી થયા. એટલું જ નહીં પણ મારી સાથે આવવાની ઈચ્છા પણ તેમણે પ્રદર્શિત કરી : "તમે જ્યાં જશો ત્યાં હું આવીશ અને તમારી સેવા કરીશ. તમે એકલા ના જાવ તેથી તો હું તમારો પત્ર મળ્યો કે તરત જ અહીં આવી પહોંચ્યો છું."

મેં કહ્યું : "તમારી વાત બરાબર છે. પણ આ બાબતમાં સાહસ કરવાનું કામ બરાબર નથી. હું ક્યાં જઈશ ને ક્યાં રહીશ તે પણ નક્કી નથી. વળી કોઈ વાર ભૂખ્યા તરસ્યા પણ રહેવું પડે. તમે સારા ઘરમાં ને સુખસગવડમાં ઉછરેલા છો એટલે તમારાથી કષ્ટ સહન નહીં થઈ શકે. વળી એકાંતમાં રહીને દિવસો સુધી મૌનવ્રત રાખીને મારે સતત સાધના કરવી છે. તે સંજોગોમાં તમને મારી સાથે નહિ ફાવી શકે."

પરંતુ તેમની ઇચ્છા દૃઢ હતી. તેમણે પ્રેમપૂર્વક કહ્યું " મને કષ્ટમય જીવન ગમે છે. તેવા જીવનનો અભ્યાસ છે. વળી હું તમારા માર્ગમાં અંતરાયરૂપ નહિં બનું, બધી રીતે અનુકૂળ થઈને હું તમને બનતી મદદ કર્યા કરીશ. માટે મને ના કહેશો. મારી સાથે આવવાની ઉત્કટ ઇચ્છા છે."

એમનો અત્યંત પ્રેમ ને આગ્રહ જોઈને છેવટે મેં તેમને સાથે આવવાની હા કહી.

સૌ પહેલાં અમે દેવપ્રયાગ જવાનું નક્કી કર્યું. ત્યાં શ્રી. ચક્રધરજીને ત્યાં બેત્રણ દિવસ રહીને દશરથાચલ પર જઈને સાધના કરવાનો મારો વિચાર હતો. બીજે દિવસે અમારી દેવપ્રયાગની મોટર ઉપડી તે જ વખતે મને પેલા ત્રિકાળજ્ઞ ગુજરાતી મહાત્મા યાદ આવ્યા. ધર્મશાળામાં મારે બરાબર એક વર્ષ રહેવાનું થશે તેવી તેમણે કરેલી ભવિષ્યવાણી સાચી પડી હતી. મેં ચંપકભાઈને તારીખ પૂછી તેમણે કહ્યું કે આજે સત્તાવીશ તારીખ છે. કેટલી ચોક્કસ! ૨૭ નવેમ્બર ૧૯૪૨ ને દિવસે મેં ધર્મશાળામાં પ્રવેશ કરેલો તે ૨૭ નવેમ્બર ૧૯૪૬ને દિવસે મેં તેનો ત્યાગ કર્યો. બરાબર એક વરસ. કોણ કહે છે કે આજે પણ આ દેશમાં વચનસિદ્ધ ને ત્રિકાળજ્ઞ સંતપુરૂષો નથી? તેમની સંખ્યા પહેલાંના પ્રમાણમાં આજે ઓછી હશે પણ તેમનો સંપૂર્ણ લોપ થયો છે તેમ નહિ કહી શકાય.

ઉત્સાહમાં ને ઉત્સાહમાં દેવપ્રયાગ ક્યારે આવ્યું તેમની ખબર પણ ના પડી. ચક્રધરજી અમને જોઈને ખુશ થયા. એકબે દિવસ પછી અમે દશરથાચલ પર રહેવા જવાની તૈયારી કરી. દેવપ્રયાગના કેટલાક ભાઈઓને અમારા નિર્ણય-



થી ભારે આશ્ચર્ય થયું. એક તો માગશર મહિનો ને વળી ૭૦૦૦ ફીટ ઊંચાઈના પર્વત પર રહેવાનો વિચાર! એવે વખતે પર્વત પર રહેવાનો વિચાર તેમને પણ ના ગમે, ત્યારે અમે તો મેદાની પ્રદેશના માણસો!

દશરથાચલ પર્વતનું વાયુમંડળ સાધનાત્મક અંતરંગ અભ્યાસને માટે અતિશય અનુકૂળ હતું. દશરથાચલ પર જતી વખતે મારા મનમાં દ્વિવિધ સંકલ્પોની સૃષ્ટિ થયેલી. એક તો ઈશ્વરના સાકાર સ્વરૂપના દર્શનનો સંકલ્પ અને બીજો તો સમાધિ અવસ્થાના અલૌકિક અનુભવનો સંકલ્પ. એ દ્વિવિધ સંકલ્પમાંથી કોઈપણ એક સંકલ્પના સુખદ સાફલ્ય માટે પરિશ્રમ કરવાનો અને તેના પ્રસન્નતાપૂર્વકના પરિણામ પછી જ પર્વત પરથી નીચે ઉતરવાનો મારો નિર્ણય હતો.

દશરથાચલ પર આવીને મેં કપડાં કાઢી નાખ્યાં ને માત્ર લંગોટીભર રહેવાનું શરૂ કર્યું. પાણીની અગવડ હોવાથી રોજ કપડાં ધોવાનું ફાવે તેમ ન હતું. તેમજ લંગોટીભર રહેવાની મારી ભાવના હતી. ઠંડી ભારેહોવાથી આ પ્રયોગ કઠીન હતો.

સૂર્યકિરણોનો લાભ પર્વત પર બધે જ સારા પ્રમાણમાં મળે તેમ હતો એટલે ખાસ ચિંતા ન હતી. પાથરવા માટે મારી પાસે એક મૃગચર્મ ને શેતરંજી એ બે વસ્તુઓ હતી ઓઢવા માટે ચક્રધરજીએ આપેલો જાડો કામળો હતો. રાતે વધારે ભાગે બેસી રહીને ધ્યાન કરવાનો નિયમ રાખેલો, આથી આખી રાત બેસી રહીને કામળો ઓઢીને ધ્યાન કરતાં રહેવાની મેં ટેવ પાડેલી.

મારી સાથે રહેવામાં ચંપકભાઈની ખરેખરી ને કપરી કસોટી હતી. તેમને ઠંડી વધારે લાગતી. વળી તેમની પાસે

ઠંડીથી બચવાનું પુરતું સાધન પણ ન હતું. તેમની પાસે કાનટોપી ને કામળી હતી. ચક્રધરજીએ આપેલો એક લાંબો ગરમ કોટ હતો. દિવસે તો વધારે ભાગે તે તડકે જ બેસી રહેતા. મને સતત સાધનામગ્ન જોઇને તે પણ રૂચિ પ્રમાણે જપ ને પ્રાર્થના કર્યા કરતાં ને આનંદપૂર્વક સમય વ્યતીત કરતા. મને પહેલાં એમ હતું કે તેમને કદાચ પર્વત પર રહેવાનો કંટાળો આવશે ને મારે ના છૂટકે નીચે ઉતરવું પડશે પણ તેમની સહનશક્તિ, હિંમત ને ધીરજ ધાર્યા કરતાં ઘણી વધારે હતી. તેથી તે જરા પણ બડબડાટ વગર મારી સાથે રહ્યા ને મને બધી રીતે અનુકૂળ બન્યા.

મેં મૌન વ્રત લીધેલું ને પર્વત પર અમારા બે સિવાય બીજું કોઇ મળે નહીં. એટલે તેમને પણ કુદરતી રીતે મૌન જ હતું, મૌન મારે માટે સ્વાભાવિક હતું પણ ચંપકભાઇને માટે તોએ મોટી પરીક્ષારૂપ હતું. તો પણ તે પૂરા ઉત્સાહથી અનુકૂળ થઈને રહેવા લાગ્યા.

પર્વત પર રહેવા માટે જે મકાન હતું તે જૂનુપુરાણું ને સાધારણ હતું. તેમાં ત્રણ ઓરડા હતા. તેમાં બે ઓરડા ઊઘાડા ને ત્રીજો ઓરડો બંધ હતો. તેમાં મકાનમાલિકનો થોડોઘણો સામાન પડેલો. બે માંથી એક નાના ઓરડામાં હું રહેતો ને બીજા જરાક મોટા ઓરડામાં ચંપકભાઇ. ઓરડાનાં બારણાં તદ્દન તકલાદી હતાં. તેમાં રબે એકલા રહેવાનું કામ ભારે હિંમત માગી લ્યે તેવું હતું. પર્વત પર વાઘ ને રીંછ સારી સંખ્યામા રહેતાં. અમારા જેવા અજાણ્યા અતિથિની મુલાકાત લેવાનું તેમને મન થાય તે પણ સ્વાભાવિક હતું. રાતે કેટલીક વાર જંગલી જનાવરની હિલચાલ ઓરડા



બહાર સંભળાતી, ચંપકભાઈ અવારનવાર તે વિશે મને વાત કરતા પણ ડરતા નહીં. તે બહાદૂર હતા.

પર્વત પર પાણીનો ત્રાસ હતો. વળી ઠંડી પુષ્કળ હતી. એટલે પુરું સ્નાન તો અમે ભાગ્યેજ કોઇવાર કરતાં વધારે ભાગે પંચસ્નાનથીજ ચલાવતા. ખાવાપીવા માટે જોઇતું પાણી દૂર આવેલા ઝરણાંમાંથી લઇ આવતા, અઠવાડિયામાં એકાદ-વાર એક પર્વતીય છોકરો દેવપ્રયાગથી જરૂરી વસ્તુઓ લઇને આવતો. ભોજન બનાવવાનું કામ ચંપકભાઇએજ ઉપાડી લીધું, તે કામમા તે કુશળ ન હતા પણ પ્રમાણમાં તેમનો અભ્યાસ સારો હતો. વધારે ભાગે ખીચડી બનાવવાનું રાખેલું, કોઈવાર ભાખરી કે શીરો બનાવતા, રાતે ઈચ્છા થતાં કોઈવાર રાબ બનાવી લેતા. જે વાનગી બનતી તે એકલીજ ખાવાની હતી કેમકે દાળ શાક કે અથાણાની અનુકૂળતા ન હતી.

સવારે તાપ નીકળતાં અમે બહાર નીકળતા. હું એક ટેકરી પર બેસીને ધ્યાન કરતો. ચંપકભાઇ જપને ધ્યાન કરી પછી ભોજન બનાવતા, પાછળથી તો ધ્યાનાવસ્થામાં હું શરીર-નું ભાન પણ ભૂલી જતો. તે દશામાં કેટલોક વખત વહી જતો. ચંપકભાઇ ત્યાં સુધી મારી રાહ જોઇને બેસી રહેતા. હું વારંવાર મારી રાહ જોવાંની ને જમી લઇને મારો ભાગ રાખી મૂકવા-ની તેમને ભલામણ કરતો. પણ તેમનો પ્રેમ ભારે હતો. એકલા ખાવાનું તેમને ગમતું નહી, એટલે તે હંમેશાં મારી રાહ જોયા કરતા.

એ દિવસોને યાદ કરીને મારું મન અનેરા ભાવ અનુભવે છે. ને હૃદય ગદ્ગદ્ બની જાય છે. ચંપકભાઈને જે આર્થિક મદદ મળતી તેમાંથી અમારો ખર્ચ ચાલ્યા કરતો; તેમનો

સેવાભાવ ખરેખર અનન્ય હતો, મારી તે વખતના સાધનામય જીવન વિકાસના તે એક માત્ર સાક્ષી થયા. તેથી અમારો પ્રેમ ઉત્તરોત્તર વધતો જતો.

બપોરે હું ફરી ધ્યાનમાં બેસતો. બપોરે લગભગ ત્રણેક કલાક જપ સાથે ધ્યાન કરવાની મને ટેવ હતી. તે પછી કોઈવાર સાંજે અમે ફરવા નીકળતા. તે પછી પ્રાર્થના કરી અંધારું થતાં અમે તેમના ઓરડામાં બેસતા. ચીડના લાકડાં ભેગાં કરી તેની તાપણી કરતા તેથી થોડો વખત ઠંડી દૂર થતી. મકાનની જમીન જૂની ને ભેજવાળી હતી. તેથી તેમાં 'પીસ્સુ' નામના જીવડાં થતાં, તેનાથી બચવા ચંપકભાઈને ટીનના ડબ્બા ભેગા કરી તેના પર તુટેલું બારણું મૂકીને પથારી કરેલી તે વખતનું જીવન એવું કષ્ટમય હતું.

ઋષિકેશ છોડ્યા પછી મારું મન સાધનામાં જ લાગેલું હોઈને મેં પત્રો લખવાનું માંડી વાળેલું. મારા વતી જરૂરી પત્રો માતાજી તથા મુંબઈના નારાયણભાઈ ને ચંપકભાઈ જ લખતા. મારા સમાચાર જાણી માતાજીને ને નારાયણભાઈને આનંદ થતો. ચંપકભાઈની એ સેવા પણ ઓછી કીમતી ન હતી.

( ક્રમશઃ )

### જીવન મરણ

એક પા ખરતાં પરણ ને
એક પા ફૂટતી કુંપળ,
જામતી જાણે જીવનની
મરણની ઉપરે પકડ.

રણજિત પટેલ (અનામી)



## શ્રેયયાત્રા-૨૧

ભાઈલાલભાઈ છાટબાર

### જગતના કારણસ્વરૂપ બ્રહ્મ; સત્સંગ

તા. ૨-૧૨-૫૨ની સવારની બેઠક શરૂ થઈ છે. હું પ્રણામ કરીને બેઠો.

મહાત્માજી ગાદી ઉપર બેઠા છે.

અન્ય બે ભાઈઓ દર્શન-વંદને આવેલ છે.

મહાત્માજી પ્રસન્ન ચિત્ત અને હંમેશની જેમ પળે પળે આનંદમય છે. તેઓશ્રીનું શુદ્ધિયુક્ત, સત્યઘનની ગરિમાવાળું, શ્રવણ-મન-બુદ્ધિને પ્રિય અને સામાન્ય જનસમાજને માટે હિતકારી મધુર સંભાષણ ચાલી રહ્યું છે. સત્યની વાહક તેઓશ્રીની વાણીમાં ક્યાંય અસ્થિરતા કે વાક્ચાતુર્યનાં દર્શન થતાં નથી. પ્રત્યેક આગન્તુક પ્રત્યેના અભિગમમાં તેઓશ્રીની ગુણગ્રાહક પ્રકૃતિ જોવા મળે છે.

આજે આ પ્રમાણે સંવાદ ચાલ્યો:-

પ્રશ્નઃ-બ્રહ્મ જગના કારણ સ્વરૂપ છે એ શી રીતે ?

મહાત્માજીઃ-તૈત્તિરીય ઉપનિષદમાં વરુણના પુત્ર ભૃગુની કથા આવે છે. ભૃગુ પોતાના પિતા વરુણ પાસે જઈને નમ્રતા પૂર્વક કહે છે-'મને બ્રહ્મના બારામાં ઉપદેશ આપો અને બ્રહ્મનું જ્ઞાન કરાવો.'

વરુણ તેને ઉત્તર આપે છે-'બ્રહ્મદેવથી માંડી તણખલાના બીજ સુધીનું સારુંય ચરાચર જગત જેમાંથી આ સમસ્ત પ્રાણી-પદાર્થ ઉત્પન્ન થાય છે, જેના આધારથી એસૌ સ્થિતિ-કાળમાં અસ્તિત્વ ધરાવીને જીવિત રહે છે અને અંતે

જેમાં વિલિન થઈ જાય છે તે બ્રહ્મ છે.

'આનંદમાંથી જ એ બધા પ્રાણી-પદાર્થ ઉત્પન્ન થાય છે અને ફરી પાછાં આનંદના આધારથી જ અસ્તિત્વમાં રહે છે અને અંતે વિનાશકાળે આનંદમાં જ પ્રવેશ કરીને તેમાં લીન થઇ જાય છે. આનંદ જ બ્રહ્મ છે અને તે બ્રહ્મ નિત્યશુદ્ધ, બુદ્ધ તથા મુક્ત સ્વભાવવાળું છે. સર્વજ્ઞત્વપણું એ તેનું સ્વ-રૂપ છે. એ બ્રહ્મ જગતના કારણસ્વરૂપ છે.

રાતના પ્રવચનમાં મહાત્માજીએ આજે કવિ લલિતજીની પંક્તિઓ ટાંકી હતી.

રાતનું પ્રવચન પૂરું થઇ ગયું છે. ધૂનની મસ્તી હવામાં લહેરાઇ રહી છે.

પ્રવચન પછીની સત્સંગ બેઠક શરું થઇ છે.

રોજના ક્રમ મુજબ હસ્તલિખિત પ્રતમાંથી મેં ત્રણ-ચાર પૃષ્ઠ વાંચી લીધા છે.

આ વાચન ઉપર વિચારોની આપ-લે થઈ ગઇ છે.

પછી આજે નીચે પ્રમાણે સંવાદ ચાલ્યોઃ-

પ્રશ્નઃ—સત્સંગ એટલે સંતોની વાણીનું શ્રવણ કે તેમાં બીજો કંઇ વધારે અર્થ રહેલો છે?

મહાત્માજી—સંત-મહાત્મા સાથે જિજ્ઞાસુભાવે ધર્મ-સંબંધી વાતો કરવી અને સદ્ગ્રન્થોનું સેવન કરવું તેમજ સંતો અને સદ્ગ્રન્થોની વાત આચરણમાં મૂકવી એ સત્સંગ છે જ. એટલું જ નહિ પણ સંતની પાસે રહીને તેમનું સમસ્ત કાર્ય કલાપ અને આચારવ્યવહાર બહુ જ ધીરજથી સ્થિર અને શાન્ત ભાવે જોવાનો રહે છે. તેઓ કયા સમયે શું કરે છે, કોની સાથે પાત્ર અને પરિસ્થિતિ અનુસાર કેવો વર્તાવ કરે છે, કેવી રીતે સમય ગાળે છે, તેનું અવ-



લોકન કરવાનું રહે છે. સંત-મહાત્માઓના સમસ્ત કાર્યો પર સદા દૃષ્ટિ રાખવાથી, ચિત્ત તેમાં લાગી જાય છે. ધીરે ધીરે પોતાની ત્રુટિઓ પણ પકડમાં આવી જાય છે. અને તે પ્રત્યે તુચ્છકાર જન્મે છે. નિરીક્ષણ અને સુધાર માટેના પુરુષાર્થ-ની સાથોસાથ પ્રકૃતિના આ બધા વિકૃત ભાવો પણ નષ્ટ થઈ જાય છે.

પ્રશ્નોપનિષદમાં પિપ્પલાદ ઋષિની કથા આવે છે. તેઓ તે સમયના બ્રહ્મવેત્તા શિરોમણિ અને અનુભવી બ્રહ્મર્ષિ હતા. તેઓ પાસે બ્રહ્મજિજ્ઞાસાથી પ્રેરાઇ છ ઋષિપુત્રો આવેલા. તેઓએ આચાર્ય પિપ્પલાદના આશ્રમમાં પહોંચીને ભક્તિ-ભાવથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોતાની જિજ્ઞાસા પ્રકટ કરેલી.

આચાર્ય પિપ્પલાદ અત્યંત વાત્સલ્યપૂર્વક તેમને કહે છે કે એક વર્ષ આશ્રમમાં રહો. ત્યારપછી જે કંઈ પૂછવાનું હોય તે પૂછી શકો છો.'

એક વર્ષ આમ સાન્નિધ્યમાં રહે તો તેમાંથી બે પ્રકારના પરિણામ સૂચિત છેઃ—(૧) આચાર્યના આચાર-વિચારોનું નિરીક્ષણ, અધ્યયન વગેરેથી શિષ્યોના ઘણાખરા નાનામોટા પ્રશ્નો આપમેળે શમી જાય અને (૨) શિષ્યોની જિજ્ઞાસા તથા નિષ્ઠાની આચાર્યને સારી રીતે જાણ થઈ જાય......

સવારે, બપોરે અને સાંજે ચાલતા આ સંવાદ વખતે કયા નવીન શબ્દબ્રહ્મથી વાક્ધારાનું મધુર સંગીત આકાશ તરફ જાગી ઊઠશે અને આનંદના આ શુભ સમાચાર જઇને અનંતના કયા કિનારાને સ્પર્શશે.

દિવસ પછી દિવસ ચાલ્યા જાય છે; જાણે તેઓ અનંત કાળ મહાસાગરનાં પ્રવાહમાં વહી જતાં ન હોય એમ લાગે છે.

ક્યારેક કોઇ એક પ્રભાત કે કોઈ એક સાંજ આવે છે–જે જાણે કે મારા અંતરતમની ચિરદિનની ચાહના ન હોય. મહાકાળની સરી જતી ક્ષણોમાં ખોવાઇ જતા આ પ્રકાશની વચ્ચે કણ કણ વીણીને જેને મેળવ્યું છે તે મારા જીવનની માળામાં ગૂંથાતું રહે છે. છિન્નભિન્ન થયેલા દિવસોના ખંડ પ્રકાશની આ જે મારી સાંધેલી માળા છે, તે લઇને તેનાથી મારો પૂજાનો થાળ સજાવું છું.

નિજાનંદને જગાડનારી જડીબુટ્ટીનો સંસ્પર્શ અમને સૌને લાધ્યો છે. તેઓશ્રી સ્પર્શમણિના સંસ્પર્શ દ્વારા પ્રત્યેક સંવાદને મૂલ્ય અર્પી રહ્યા છે.

મહાત્માજીએ બે. ગીત–ભજન ગાયાં,

મહાત્માજીના ભક્તિગીતો–ભક્તિ કાવ્યોએ ફિલસૂફી જગતની નેતિવાચક શૂન્યતાને માનવીય પ્રેમની સુષમા, ઉષ્મા તેમજ મધુરતાથી ભરી દીધી છે. માનવીય પ્રીતિ–ભક્તિના ચિત્રાંકન દ્વારા તેઓશ્રી જાણે કે 'પરમ' ને મનુષ્યનો સુગોચર સંગી–સાથી બનાવી દીધો છે.

ગીત–ભજન પૂરાં થતાં સૌએ પ્રણામ કરીને રજા લીધી.

(ક્રમશઃ)

સાધકના જીવનમાં વિચાર, વાણી અને વર્તનનો ત્રિવેણી-સંગમ થાય તોજ તે આગળ વધી શકે.

પરમાત્માનું સંપૂર્ણ શરણું લેનારને ભય, વિષાદ, વગેરે સતાવી શકે નહિ તેઓ પરમાત્મા સાથે સંબંધ બાંધીને નિર્ભય બની જાય છે



# રામકથા

—યોગેશ્વર.

[પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલા રામકથાનો હપ્તો છે–તંત્રી]

માર્ગમાં સીતાએ ઉર્મિલાને પૂછ્યું :

આજે પણ રામ અને લક્ષ્મણ ફૂલવાડીમાં આવ્યા હશે?

ઉર્મિલાએ ઉત્તર આપ્યો :

'કાલે તો એ ઉદ્યાનને જોવા માટે આવેલા. એ કામતો પૂરું થયું, છતાં પણ ઉદ્યાન એમને ઘણું ગમી ગયું હોય તો આજે પણ આવે ખરા.'

'ઉદ્યાન અને એની ફૂલવાડી તો ભલભલાને આકર્ષે એવી છે.'

એ હકીકત સાચી છે. પરંતુ રામ અને લક્ષ્મણ તો સ્વયં આકર્ષણના અવતાર જેવા છે. એમને સામાન્ય મનુષ્યો જેવું આકર્ષણ ભાગ્યેજ હોઈ શકે.'

'છતાં પણ એ આજે આવે તો આપણને ઘણો જ આનંદ થાય.'

'હું પણ ઈચ્છું છું તો એવું જ કે એ આવે. મારી આંખપણ એમને જોવા માટે આતુર છે. પરંતુ એ આતુરતા આતુરતા જ રહી ગઈ.

ઉદ્યાનમાં પ્રવેશીને સીતા અને ઉર્મિલાએ ભારે આશા અને ઉત્સુકતાથી ચારે બાજુ નજર નાખી છતાં પણ પોતાની પ્રિય મૂર્તિના મધુર દર્શનનો લાભ એમને ના મળ્યો.

ઉર્મિલાએ ઉદાસ બનતાં ઉદ્દગાર કાઢ્યા :

'આજે ઈશ્વરે આપણને નિરાશ કરવાનું નક્કી કર્યું લાગે છે. નહિ તો એ આવું ના કરે. સીતાએ અવાજ કોમળ કરણ સ્વરમાં કહેવા માંડયું :

'કેટકેટલી આશા અને કેટકેટલા ઉમંગ સાથે આપણે આ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો છે? પરંતુ આપણા ઉમંગ અને આપણી આશાપર પાણી ફરી વળ્યું. પ્રારબ્ધે આપણા કલ્પના ને યોજના પર ક્રૂર બનીને કુઠારાઘાત કર્યો. આપણે પરોક્ષ રીતે કેવળ એકમેકને નિરખવા માત્રથી જે સામાન્ય સુખ માણી રહ્યાં હતા એ પણ એને ના ગમ્યું.'

'એવું નિર્દય કે કઠોર પ્રારબ્ધ આપણને એમનો સદાનો સહવાસ આપવાનું કામ કેવી રીતે કરી શકશે? આપણે કોઈ વધારે ચાહના તો નહતા કરતાં? એક વાર વધારે જો દર્શનનું સૌભાગ્ય એણે આપણને આપ્યું હોત તો એમાં એનું શું બગડી જાત?

બંને ધડકતાં હૃદયે લાગણી વશ બનીને, અશ્રુ ભરેલી આંખે આગળ વધ્યાં અને સરોવર પાસે આવી પહોંચ્યાં.

એ જ વખતે ઉદ્યાનના બીજી બાજુના સામેના પ્રવેશદ્વારમાંથી રામ તથા લક્ષ્મણે પ્રવેશ કર્યો.

એમને જોઈને સીતા તથા ઉર્મિલાનું હૈયું હરખઘેલું બની ગયું.

આશ્ચર્ય અને આનંદના માર્યા બંને કશું બોલી ના શક્યાં. બંને મુગ્ધાવસ્થામાં તો હતા જ, પરંતુ રામ ને લક્ષ્મણને જોઇને વધારે મુગ્ધ બની ગયાં.

સૂધ બૂધ ભૂલીને ચિત્રાંકિત આકૃતિઓની પેઠે બંને બીજા બધા જ વિચારોને છોડીને થોડીકવાર માટે સ્તબ્ધ બનીને ઉભા રહ્યાં.

સીતાનું મન રામના રૂપરસનું પાન કરવા લાગ્યું ને ઉર્મિલાનું મન લક્ષ્મણના રસાસ્વાદમાં ડૂબી ગયું.

રામ અને લક્ષ્મણની અવસ્થા પણ એવી જ અનુરાગમય અને અનેરી બની ગઈ. રામે કહ્યું પણ ખરું.

'લક્ષ્મણ, સીતામાં કોણ જાણે એવું શું છે કે એને જોતાં વેંત જ મારા અંતરમાં અસાધારણ અનુરાગનો આવિર્ભાવ થાય છે. કાલે એને જોઇ ત્યારે એવો જ અનુભવ થયેલો અને આજે પણ એવો જ અનુભવ થઈ રહ્યો છે. એ મારા આત્માનો અલગ પડેલો અંશ હોય



એવું લાગ્યા કરે છે.'

'ઉર્મિલાને જોઇને મને પણ કોણ જાણે કેમ પણ એવો જ સ્નેહાનુભાવ થયા કરે છે. એની અંદર રહેલી કોઈક અપાર્થિવ વસ્તુ મને એના તરફ ખેંચ્યા કરે છે. ક્યાંક એને જોઇ હોય, ક્યાંક એને મળ્યો હોઉં, ક્યાંક એની સાથે વાતો કરી હોય, અને એની સંનિધિ માણી હોય, એવું ઊંડે ઊંડે લાગ્યા કરે છે, જીવનમાં આવો અનુભવ આ પ્રથમવાર જ થઇ રહ્યો છે. મહર્ષિએ આપણને પૂજા માટેનાં ફૂલ લેવા માટે મોકલ્યા. આ દૈવી દર્શનનો લાભ સહેજે મળી ગયો.'

સીતા અને ઉર્મિલા ભાવસમાધિમાંથી જાગીને ધીમે ધીમે મંદિર તરફ ચાલવા માંડયા સીતાએ સંતોષ વ્યક્ત કરતાં કહ્યું.'

'ઇશ્વરે આખરે આપણા પર અનુગ્રહ કર્યો ખરો.'

'જે પ્રારબ્ધે આપણને તપાવ્યા એણે જ આપણા પર શાંતિની થોડીક વર્ષા વરસાવી.'

હૃદય તો એમ જ કહે છે કે રામના રસમય રૂપને ધારીધારીને એકીટશે જોયા કરું. પરંતુ વિવેકબુદ્ધિ એટલી બધી હિંમત કરવાની ના પાડે છે.'

'મારું પણ કાંઈક અંશે એવું જ છે.' 'ઉર્મિલાએ ઉપસંહાર કરતાં કહેવા માંડ્યું. 'લક્ષ્મણના લાવણ્યનો આસ્વાદ લેતાં આંખ થાકતી નથી અને આત્માને તૃપ્તિ નથી વળતી, પરંતુ શરીર યંત્રની પેઠે આગળ વધતું જાય છે.

બંને બેનો મંદિર આગળ આવી પહોંચી.

ભવાની માતાનું દર્શન કરતાં પહેલાં નજરને ફેરવીને પાછળ જોવાની ઇચ્છાને રોકી ના શકવાથી એમણે જોયું તો રામ અને લક્ષ્મણ ફૂલ લઇને ઉદ્યાનની બહાર જઇ રહ્યા હતા.

બહાર જતાં પહેલાં એમણે પણ એકવાર પાછળ જોયું. સીતા ને

ઉર્મિલાની દષ્ટિ સાથે એમની દષ્ટિનો એવી રીતે ફરીવાર સુખદ સંગમ સધાયો.

રામ અને લક્ષ્મણ ઉદ્યાનમાંથી બહાર નીકળ્યાં, પરંતુ સીતા અને ઉર્મિલાના માનસપટ પરથી દૂર ના થઇ શક્યા.

જગદંબાના મંદિરમાં આવીને એમણે જગદંબાની મનોહર મૂર્તિને પ્રણામ કર્યા. છતાંપણ એમના અંતરની આંખ આગળતો રામ અને લક્ષ્મણની મૂર્તિ ઉભી રહી.

બંનેના અંતરમાં એ મધુમયી મૂર્તિઓએ જુદાજુદા ભાવો જગાવવા માંડ્યા.

સીતાએ જગદંબાને પ્રણામ કરીને પ્રાર્થના કરતાં મનોમન કહેવા માંડ્યું.

હે જગજનની ભવાની ! તમારો મહિમા તથા તમારી શક્તિ જગતમાં પ્રસિદ્ધ છે. તમે ભગવાન શંકરને પરમપ્રિય છો તથા પતિવ્રતા સ્ત્રીઓમાં સર્વોતમ છો. આ સૃષ્ટિની ઉત્પત્તિ તમેજ કરી છે, તમેજ તેનું પોષણ કરો છો, ને આખરે તમારામાં સમાવી લો છો, તમારી પૂજા કે સેવા કરનાર સઘળાના મનોરથ તમે પૂરા કરો છો, એને તમારું દેવ-દુર્લભ દર્શન આપો છો, અને એના પર જીવન મુક્તિના આનંદનો વરસાદ વરસાવો છો. મારા મનમાં મુક્તિ મેળવવાની લાલસાતો નથી પેદા થતી. પરંતુ તમારા અનુગ્રહને પરિણામે સુયોગ્ય પતિ મેળવવાની ભાવના જરૂર છે. એ ભાવનાને તમે જાણો છો. તમારાથી કશું પણ છૂપું નથી.'

(ક્રમશઃ)

---

## ❋ પૃ. આનંદ બાપૂનાં અમૃતવચનો ❋

સંકલન વૈદ્ય વાલજીભાઈ નાનજીભાઈ મીસ્રી

લક્ષ્મીની પ્રાપ્તિથી બાહ્ય સુખ જરૂર મળે છે પણ મનને સ્થિર શાંતિ મળતી નથી.

મનને સ્થિર શાંતિ તો લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુના દ્વારાજ પ્રાપ્ત થાય છે.

વિલાસ પ્રિય માણસોની સોબતથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. બુદ્ધિને પવિત્ર રાખવા માટે સંતોની સોબત કરો.

નાનામાં નાના કામમાં પણ જેટલી કાળજી રાખશો તેટલા તમો સુખની વધુ નજીક હશો.

દિલથી નીકળેલી વાતજ દિલ સુધી પહોંચે છે. બાકી જીભથી નીકળેલી વાત જીભ સુધીજ પહોંચે છે.

દુનિયામાં બે વસ્તુ દુર્લભ છે. એક છે અણિશુદ્ધ કમાણીનું ધન અને બીજી છે સાચો સલાહકાર મિત્ર.

વાણી અને પાણીનો દુર્વ્યય કરનાર વ્યક્તિ ભગવાનનાં અપરાધી છે

હૈયાના ઉંડાણથી ગુનાનો સ્વીકાર કરનાર ગુનેગારને નિરપરાધી જેટલો જ નિર્દોષ સમજવો.

મન બગડવાનું કારણ સંસાર નથી પરંતુ સંસારનું ચિંતન છે.

શરીરને બચાવવા ઉદ્યમ કરું છું. આત્માને ઓળખવા એટલો કરું છું ખરો ?

જેની આંખો ફૂટી ગઈ છે તે આંધળો નથી, પણ જે પોતાના દોષ ઢાંકે છે—જોતો નથી, તે આંધળો છે.

જ્ઞાન અને ભકિતનું મિલન એજ પ્રયાગ, જ્ઞાન વગરની ભકિત અંધ છે. ભકિત વગરનું જ્ઞાન પાંગળું છે.

પોતાનાં વખાણ પોતે કરે એનું નામ રાવણ.

# રસિક વર

અત્યાર સુધી મેં મારા મનને કુંવારૂં રાખ્યું.
વિષયોના વનમાં મેં એને લાયક વર શોધ્યો, પણ
તે હાથ ન લાગ્યો.
સંસારના ભોગોમાં મેં એનો રસિક જોયો, પણ
એનો પત્તો ના લાગ્યો.
દ્રવ્યના ભંડારો એને માટે ઉથલાવ્યા, પણ એને
યોગ્ય પ્રિયતમ ના જડ્યો.
કીર્તિને દ્વારે પણ હું હતાશ થયો.
ને આખરે મને એ જડ્યો. જેના એક અણુમાં
સમસ્ત સૃષ્ટિ ને શ્રી વસી રહી હતી એવો રસિક
વર મેં જોયો.
અત્યાર સુધી મેં મારા મનને કુંવારું રાખ્યું હતું;
હવે મેં એને લાયક વર જોયો.

—યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૮૧૨૭૨